

# ચિત સૌંદર્ય

લેખક :
સિદ્ધાંત દિવાકર આચાર્યદેવ
શ્રીમદ્ વિજય જયઘોષસૂરીશ્વરજી મ.સા.

શ્રી સીમંધરસ્વામિને નમઃ
શ્રી પ્રેમસૂરીશ્વર ગુરૂભ્યો નમઃ

# ચિત્ત સૌંદર્ય

પ્રવચનકાર :
વર્ધમાન તપોનિધિ
પ. પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ. ના.
પટ્ટાલંકાર સિદ્ધાંત દિવાકર
પ. પૂ. આ. શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ

★

સંપાદક :
પ. પૂ. મુનિરાજશ્રી મુક્તિદર્શનવિજયજી મહારાજ

★

-: પ્રકાશક :-
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી
ધોળકા - ૩૮૭૮૧૦. જિ. અમદાવાદ

દ્વિતીય આવૃત્તિ વિ.સં.૨૦૫૦


પ્રાથમિક સૌજન્ય :
બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર
જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ,
૪૧, રીજ રોડ, મલબાર હીલ, આદિશ્વર,
જૈન ટેમ્પલ ચોક, મુંબઈ - ૪૦૦ ૦૦૬.


# -: પ્રાપ્તિ સ્થાન :-

૧. દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
ધોળકા-૩૮૭૮૧૦.
જિ. અમદાવાદ

૨. જિતેન્દ્રકુમાર રસીકલાલ રતીલાલ
એલ. કે. ટ્રસ્ટ બિલ્ડીંગ,
પાંચકુવા, અમદાવાદ,

૩. ભરતકુમાર ચતુરદાસ
૮૬૮, કાળુશીની પોળ,
કાળુપુર, અમદાવાદ.

૪. દેવચંદભાઈ
અનુરાધા, એ વીંગ,
૧લે માળે, ઈર્લા બ્રીજ,
અંધેરી (વેસ્ટ), મુંબઈ-૫૭.

૫. જૈન આરાધના ભવન
૨૮૯, એસ. કે. બોલે રોડ,
(દાદર), મુંબઈ-૨૮.

# પ્રાક્કથન

આચાર્યશ્રી શાન્તિસૂરીશ્વરજી મહારાજે રચેલું ધર્મરત્નપ્રકરણ જૈન શાસનના ધર્મસાહિત્યમાં ઝળહળતું રત્ન છે. ધર્મરત્નની પ્રાપ્તિની યોગ્યતાને જણાવનારા અક્ષુદ્રતા વગેરે ૨૧ ગુણો, ભાવશ્રાવકનાં છ લિંગ અને ભાવશ્રાવકની ૧૭ વિશેષતાઓ વગેરે અનેક સુંદર વિષયો ઉપર આ પ્રકરણમાં માર્મિક વિવેચન ઉપલબ્ધ થાય છે. જૈન શાસનમાં અનેક સંઘોમાં આ પ્રકરણ ચાતુર્માસિક વ્યાખ્યાનોમાં વર્ષોથી વંચાતુ આવ્યું છે જે એની લોકપ્રિયતા સૂચિત કરે છે.

આ ગ્રન્થરત્નનો એક એક વિષય ખૂબ જ ચિન્તન અને મનન કરવા લાયક છે અને ચોકખા દિલથી આ શાસ્ત્રનો ગંભીરપણે જો સકલ સંઘમાં વ્યાપક અભ્યાસ થાય તો કદાગ્રહ અને ક્લેશ તેમજ અનુચિત મતમમત્વને ઘસારો પહોંચ્યા વિના રહે નહિ આ શાસ્ત્રમાં પ્રારંભમાં ધર્મરત્નની યોગ્યતાને જણાવનારા જે ૨૧ અક્ષુદ્રતા વગેરે ગુણો વર્ણવાયા છે. આ ગુણો ફક્ત ભૂમિકામાં જ હોવા જોઈએ એવું નથી પણ લગભગ એ બધા ગુણો જૈન કહેવાતા સમાન્ય સદ્‌ગૃહસ્થથી માંડીને આરાધક કહેવાતા જૈનો તથા સાધુ - સાધ્વી - આચાર્ય વર્ગમાં પણ એટલા જ જરૂરના છે. એમ કહી શકાય કે જેનામાં આ ૨૧ ગુણો લઘુમાત્રામાં પણ ન હોય તે આ જૈન શાસનમાં આચાર્ય ઉપાધ્યાય કે મુનિ કહેવડાવવાને લાયક નથી અને આ ગુણો વગર આરાધકપણાનો કે શુદ્ધ સમકીતીનો ઠેકો પણ રાખવો એ પણ એક બહુ મોટી ભમણા છે.

એક બાજુ શ્રી સંઘની અંદર મોટા ભાગના વર્ગમાં આવા ઉત્તમ શાસ્ત્રોનો સ્વાધ્યાય ઘટી જવાના કારણે ઘણો વર્ગ દાન-તપ વગેરેમાં જોડાયેલો હોવા છતાં વાસ્તવિક ધર્મથી વંચિત રહી જાય છે. બીજી બાજું શાસ્ત્રોનો પોતાની માન્યતાઓને પુષ્ટ કરવા પુરતો જ ઉપયોગ

કરનારો થોડો વર્ગ શાસ્ત્રાભ્યાસ કરવા છતાં પણ અનેક ભ્રમણાઓમાં અટવાઈને વાસ્તવિક આરાધનાથી વંચિત રહી જતો દેખાય છે. આવી બે અંતિમોની પરિસ્થિતિ વચ્ચે જો શ્રી સંઘમાં સરળતા સાથે શ્રી ધર્મરત્ન પ્રકરણ જેવા ઉત્તમ ગ્રન્થ રત્નોનો સ્વાધ્યાય વધે તો દિવસે દિવસે શ્રી જૈન સંઘનું પોત ખૂબ જ ઉજળું બનવાની આશા રાખવી અસ્થાને નથી, કારણ કે શ્રી સંઘ એ શ્રી સંઘ છે ભાગ્યું ભાગ્યું તોય ભરુચ છે, જરૂર એમાં એવા રત્નો પાકતા આવ્યા છે અને પાકતા જ રહેશે કે જેનાથી આ જૈન સંઘ ગૌરવથી મસ્તક ઊંચું રાખતો આવ્યો છે અને રાખતો જ રહેશે.

૨૧ ગુણો ઉપર આજ સુધી ઘણા વ્યાખ્યાતાઓ વ્યાખ્યાનો આપી ચુક્યા છે પણ કેટલીક વાર જ્યારે વ્યાખ્યાનના મૂળ વિષયથી વ્યાખ્યાન અતિ દૂર નિકળી જાય છે ત્યારે શ્રોતાઓની એવી રુચિ હોય છે કે જે વિષયોનું વ્યાખ્યાન કે વાચના હોય તેમાં એજ વિષયને લગતી સંકળાયેલી અનેક નાની-મોટી બાબતો જાણવા મળે તો સારું. આવા શ્રોતાઓને પૂ. આચાર્યદેવ શ્રી જયઘોષસૂરીશ્વરજી મ. સાહેબની ચિન્તનધારામાંથી નિકળેલા આ ઝરણામાં ડૂબકીઓ મારવાની ઘણી જ મઝા આવશે. પૂજ્યશ્રી આજે લગભગ જાણીતા અને માનીતા છે. તેઓશ્રીએ આ પુસ્તિકાના માધ્યમે ૨૧ ગુણોને લગતું ખૂબ જ સુંદર ચિન્તન પ્રસતુત કર્યું છે જે વાંચવામાં હળવું પણ છે અને સમજવામાં ગંભીર પણ છે. મુમુક્ષુ આત્માઓ માટે તો અત્યન્ત ઉપયોગી છે. આવા ઉત્તમ પુસ્તકના પ્રકાશન - મુદ્રણ - લેખનાદિ કાર્યોમાં જેઓએ પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે સહકાર આપેલ છે તે સૌ ધન્યવાદને પાત્ર છે. આવા ઉત્તમ પુસ્તકના ચિંતન-મનન દ્વારા સૌ આત્મશ્રેયના માર્ગે આગળ ધપે એ જ શુભેચ્છા.

- મુનિ જયસુંદરવિજય

# ધર્મરત્ન પ્રકરણ

## ધર્મરૂપીરત્નને પામવાના ૨૧ ગુણોનું વિવેચન

### ॥ પ્રથમ ગુણ : અક્ષુદ્રતા ॥

ક્ષુદ્રતાને દૂર કરવાથી પ્રગટ થયેલો ગુણ તે અક્ષુદ્રતા..
એમાં ક્ષુદ્રતા એટલે શું ?......
ક્ષુદ્રતા એટલે અગંભીરપણું - છીછરાપણું-
ઉછાંછળાપણું - તુચ્છતા...

ક્ષુદ્રતાના લક્ષણો અને કારણો :-

- પોતાના સ્વાર્થના કારણે બીજાનો વિચાર ન કરવો.
- ડગલે ને પગલે બન્યા કરતી ઝીણી ઝીણી બાબતોમાં હરખ શોક કર્યા કરવો.
- સદા અપ્રશાંત રહેવું.
- ઈર્ષા-દ્વેષ-ઘમંડ-દીનતા-આસક્તિ-સાહજીક બની ગયા હોય.
- સ્વ કે પરના મોટા નુકશાનને કે નિષ્કારણ થતા ખોટા નુકશાનને સમજવા દે નહી.
- ઈચ્છાપેદા થયા પછી તેને અનુસરી ને થતી ખોટી પણ પ્રવૃત્તિ ન રોકી શકે, તે પ્રવૃતિની સામગ્રી ન મળે તો મુંઝાયા કરે.
- દરેકની વાતોમાં શંકા પડયા કરે. કોઈના પર વિશ્વાસ ન બેસે.
- ગંભીર વાતોને પચાવવાની યોગ્યતા ન હોય.

- કોઈની પણ સાથે હૃદય ખોલી સાચી વાત કરવા તૈયાર ન થાય.
- સત્વ સાધ્ય પ્રવૃત્તિ કરી ન શકે.
- કોઈ ગુણોને વ્યવસ્થિત રીતે આરાધી ન શકે.
- ગુણોની ગાઢ રુચિ કે તત્પરતા હોય નહિ.
- એનો વ્યવહાર આત્માનુલક્ષી ન હોય, બાહ્ય અનુકૂળતા - પ્રતિકૂળતાને લક્ષ્યમાં રાખીને જે પ્રવર્ત્યા કરે.
- બીજાને ઉદ્વેગ ઉપજાવે એવા મોટા નુકસાનનું કારણ બને.
- ગંભીર-અક્ષુદ્ર માણસોના ગુણો આનાઃ કરતા વિપરીત હોય.

<u>અક્ષુદ્રતાના લક્ષણો અને કારણો</u> :-

- પોતાની સ્વાર્થ સિદ્ધિમાં પણ અન્યને નુકશાન કે પીડા ન થાય તેનો વિચાર રાખે.
- ડગલે ને પગલે બન્યા કરતી ઈષ્ટ-અનિષ્ટ વાતોમાં હરખ શોક ને રોકે.
- પ્રશાંત પ્રકૃતિ કેળવે.
- ઈર્ષ્યા-દ્વેષ-અભિમાન-દીનતા-આસક્તિને સાહજિક ન બનવા દે, અટકાવે, તેનું વારણ કરે.
- સ્વ કે પરના ભવિષ્યના નુકસાનો-લાભોને સમજવા પ્રયત્ન કરે.
- માત્ર ઈચ્છાને અનુસરીને પ્રવૃત્તિ ન કરે, કિન્તુ ઔચિત્ય, લાભા-લાભને નજરમાં રાખીને પ્રવૃત્તિ કરે, ઔચત્ય પાળવા ટેક રાખે.
- બીજા ઉપર સામાન્ય વાતોમાં અવિશ્વાસ ટાળે, મોટી

બાબતોમાં ચોકસાઈ અને સાવધાની રાખે.

- ગંભીર વાતોને ગળી જાય, પચાવે એમાં કર્માધીનતા વગેરે વિચારીને પચાવવાની ક્ષમતા કેળવે.
- યોગ્ય વ્યક્તિની ચકાસણી કરે તેની પાસે દયની મુંઝવણ ખોલે. એના બતાવેલા માર્ગને વિચારે અને શક્ય બને તો આચરે.
- સત્વથી સારા કાર્યમાં આગળ વધવા ઉત્સાહ રાખે ભૌતિક અલ્પનુકશાનથી અનુત્સાહિત કે ચલાયમાન ન થાય.
- જીવનમાં ગુણોને ક્રમિક આરાધવાના લક્ષ્ય સાથે સહનશીલતા કેળવનાર હોય.
- ગુણોની અને ગુણીના સહવાસની રૂચિ વધારે અને એ મેળવવા ઝંખે તત્પર બને.
- આત્મલક્ષી બનવા મથે, બાહ્ય અનુકૂળતા પ્રતિકૂળતાને મુખ્ય ન કરે.
- બીજાને ઉદ્વેગકારક ન બને, મોટા નુકશાનને પોતાના સ્વાર્થના ભોગે પણ રોકવા ઈચ્છે અને તે મુજબ પ્રવર્તે.

## ॥ બીજો ગુણ : રૂપવાન ॥

- અંગોપાંગ સંપૂર્ણ હોવા, પાંચે ઈન્દ્રિયો ખોડખાપણ રહિત હોવી અને શારીરિક બળ સારું હોવું એ રૂપ છે.. એ રૂપ બે પ્રકારે.
  - વિશિષ્ઠ રૂપ : જેના કારણે લોકમાં 'રૂપવાન' તરીકે ઉલ્લેખ પામે અને
  - સામાન્ય રૂપ અલજ્જનીય રૂપ : રૂપવાન તરીકે

ઉલ્લેખ ન પામવા છતાં અંગોપાંગ સંપૂર્ણ હોવા વગેરે.

- રાજા મહારાજા જેવું <u>વિશિષ્ટ રૂપ</u> પુણ્ય કર્મના ઉદયથી મળે છે પણ તેમાં ત્રણ પ્રકાર છે.

(અ) પાપાનુબંધી પુણ્યના ઉદયથી મળેલા સારા રૂપવાળો જીવ પાપની રૂચિવાળો, ધર્મની અરૂચિવાળો અને મલિન આશયવાળો હોય ધર્મસ્થાનોમાં ઉદાસીન અને ઉદ્વિગ્ન હોય, ધર્મસ્થાનોમાં સંકુચિત ભાવવાળો હોય અને પ્રવૃત્તિ વગરનો હોય આ રૂપવાનપણું ધર્મનું કારણ નથી પણ પાપ અને દુર્ગતિનું કારણ બને છે.

(બ) આ જીવને પાપનો અનુબંધ હોતો નથી. તેથી ધર્મ અને પાપ બંનેની રૂચિ પ્રવૃતિવાળો હોય છે. અનુબંધ નથી તેથી બંને જગ્યાએ રસ અને ભાવથી પ્રવર્તે છે.

આવા આત્માને ભવિતવ્યતાનો પરિપાક થયો હોય અને સદ્‌ગુરુનો યોગ, કલ્યાણ મિત્રનો યોગ વિગેરે શુભ નિમિત્ત મળે તો એ પ્રબળ આરાધક બને છે અને આનાથી વિપરીત અશુભ નિમિત્ત વિગેરે મળે તો એ ભોગી બને. પણ જીવનના અંતકાળ સુધીમાં એને બ્રેક લગાવનાર નિમિત્ત મળે તો શુભભાવના જાગી શકે એટલી યોગ્યતા મોટા ભાગે હોય છે. આ રૂપવાનપણું ધર્મનું કારણ કદાચ બને પણ દ્રઢતાવાળું અને ભરોસાપાત્ર ન સમજવું કારણ કે જો આત્મા પોતે ભાવિત ન થયો હોય તો પાપનું તીવ્ર નિમિત્ત એને પાપમાં પણ ખેંચી જાય.

(ક) રૂપ ઘણું હોવા છતાં પુણ્યાનુબંધી પુણ્ય હોવાના કારણે આ જીવ :

- નમ્ર
- ત્યાગની રૂચિવાળો.

- 卐 દેવ-ગુરુનો પૂજક.
- 卐 ધર્મની તીવ્ર રૂચિવાળો તથા ધર્મમાં અધિક અધિક પ્રવર્તનાર.
- 卐 બીજાને ધર્મમાં રૂચિ જગાડનાર, જોડનાર અને સહાય કરનાર હોય છે.

<u>પુણ્યાનુબંધી પુણ્યના કારણે પાપની અરૂચિ હોવાથી</u> :

- 卐 પાપી મિત્રોની - સ્વજનોની વાત પર વજન ન આપનાર.
- 卐 ભોગોની સામગ્રી વિશેષ રૂપમાં ન વધારનાર.
- 卐 પાપ પ્રવૃત્તિઓમાંથી શક્ય નિવૃત્તિ મેળવનાર.
- 卐 પાપની અરૂચિ જાગે તેમ સમજાવનાર અને પાપની અરૂચિ જગાડનાર.
- 卐 - પાપની પ્રવૃત્તિમાંથી અટકવા માટે ઈચ્છા કરનારને સહાય કરનાર.
- 卐 દેવગુરુ સાધર્મિક પ્રત્યે ભક્તિ સમર્પણ આદર અને વાત્સલ્યવાળો તેમજ બીજાને તેવો બનાવનાર હોય છે.

<u>આ રૂપવાનમાં</u> :

- 卐 જ્ઞાનાવરણનો સારો ક્ષયોપશમ હોય છે.
- 卐 મોહનીયનો ક્ષયોપશમ પણ સારો હોય છે.
- 卐 પાંચે અંતરાય કર્મોનો સારો ક્ષયોપશમ હોય છે. ધન સમૃદ્ધિ વગેરેના કારણે ઘણી શુભ શક્તિઓ હોય છે.
- 卐 સૌભાગ્ય, આદેય, યશ વગેરે શુભનામકર્મ પણ સારો સાથ આપતા હોય છે. આ બધા કારણોએ આ ત્રીજા નંબરનો જીવ વિશિષ્ઠ રૂપ દ્વારા ધર્મનો

મુખ્ય અધિકારી બને છે તેમજ અનેકમાં ધર્મની વૃદ્ધિ કરવા દ્વારા પ્રભાવક બને છે. બીજા નંબરનો જીવ ગૌણપણે ધર્મનો અધિકારી છે. જ્યારે પહેલા નંબરનો પાપાનુબંધીપુણ્યથી રૂપ પામેલો જીવ ધર્મનો અધિકારી નથી. એના દ્વારા ધર્મની વૃદ્ધિ કે પ્રભાવના પ્રાય: થતી નથી.

<u>બીજો પ્રકાર સામાન્ય રૂપ અર્થાત અલજ્જનીય આકૃતિ</u> :

આ પણ પુણ્યથી મળે છે. લજ્જનીય આકૃતિ - પૂર્વોક્ત પાપના ઉદયે મળે છે તે પાપનો ઉદય બે પ્રકારનો હોય છે.

卐 સાનુબંધ અને 卐 નિરનુબંધ. આમાં સાનુબંધ પણ બે પ્રકારે : અલ્પસાનુબંધ અને તીવ્રસાનુબંધ.

તીવ્રસાનુબંધ પાપના ઉદયવાળા જીવો પણ બે પ્રકારે :

卐 તીવ્ર અનુબંધ જેટલો કાળ ચાલવાનો હોય તે કાળના પ્રારંભમાં કે મધ્યમાં વર્તતા જીવો અને

卐 તે કાળના છેડે વર્તતા જીવો.

આમાંથી અનુબંધના આદિ અને મધ્યભાગમાં વર્તતા જીવો ધર્મને પામતાં જ નથી. છેડે વર્તતા જીવો ભવિતવ્યતાના યોગે ધર્મ પામવાની કે આરાધવાની યોગ્યતા ધરાવી શકે છે. પરંતુ તેઓ લોકમાં મુખ્ય ન હોવાથી પ્રભાવક કે ધર્મ પમાડનાર બનતા નથી. આદિ અને મધ્યભાગમાં વર્તતા જીવો તે કાળે વિરાધક ભાવના જોરદાર વિપાકોને અનુભવતા હોય છે.

## ॥ ત્રીજો ગુણ : પ્રકૃતિ સૌમ્યતા ॥

જેને પ્રથમ દ્રષ્ટિએ જોતાં જ ભય-શંકા પેદા ન થાય એવી સ્વાભાવિક બની ગયેલી અભીષણ આકૃતિ એ પ્રકૃતિસૌમ્યતા છે. સામાન્યથી સંસારી જીવો પ્રતિકૂળતામાં કષાયોને વશ બની વિહ્વળ બને છે અને તેથી સૌમ્યતા ગુમાવે છે. જ્યારે પ્રતિકૂળતા દૂર થઈ અનુકૂળતા પ્રાપ્ત થાય છે ત્યારે વિહ્વલતા દૂર થાય છે અને સૌમ્યતા આવે છે. પણ આ સૌમ્યતા સાહજિક હોતી નથી. કિન્તુ અનુકૂળતાના ઘરની હોય છે અને તેથી એ ગુણરૂપ બનતી નથી. તેમજ પાછી પ્રતિકૂળતા ઉભી થતા નાશ પામે છે. માટે પ્રતિકૂળતાદિમાં થયા કરતી વિહ્વલતાનો નાશ કરવાથી સ્વાભાવિક પ્રકૃતિજન્ય સૌમ્યતા પ્રાપ્ત થાય છે જે ગુણરૂપ બને છે.

<u>વિહ્વળતાના લક્ષણો અને કારણો</u> :

- અલ્પ અને ઈષ્ટ સાધક વસ્તુને મેળવવાની રાખવાની, ભોગવવાની ઈચ્છા થયા કરવી.
- એ મળવામાં પોતાની મોટાઈ, સુખશીલતા, આરામ, શાંતિ દેખાય.
- એ ન મળે ત્યાં સુધી ઉત્કંઠા રહ્યા કરે જેના કારણે જીવ વિહ્વળ બને.
- મળ્યા પછી તેના રક્ષણ - સંભાળ વગેરેની ચિંતાથી વ્યાકુળ થાય.
- ચાલી ગયા કે નાશ પામ્યા પછી દીનતાના કારણે વિહ્વળ બને.

આ બધી વાતો જેમ પૌદગલિક ચીજો માટે છે તેમ હીન

સંઘયણ-પુણ્યની ક્ચાશ વિગેરેના કારણે પોતાને જેનો અધિકાર નથી તેવી અનધિકૃત વિશિષ્ટ આરાધનાને પોતાના ઈષ્ટનું સાધન માની તે હીન સંઘયણાદિના કાળમાં જ જેની ઇચ્છા વિગેરે કરે તો એ અંગે પણ વિહવળતાદિ થાય છે એ જાણવું. આ ભૌતિક સામગ્રી વિગેરેની પ્રાપ્તિ અને ભોગવટાના કારણે સૌમ્ય દેખાતો જીવ અભિમાન, ઘમંડ, ઉત્કર્ષ, બીજા પ્રત્યે અરૂચિ ધરાવનારો બને છે. ઘણું કરીને સત્પુરૂષાર્થહીન, મૂર્ખ, અનાવડતવાળો વિગેરે ભાવોથી યુક્ત બને છે. આ બધાના કારણે એ વાસ્તવિક સૌમ્ય બની શકતો નથી, પછી ભલે બહારથી શાંત દેખાતો હોય તો પણ.

<u>આંતરિક પ્રકૃતિજન્ય સૌમ્યતા</u> : જ્યારે આત્મા, વૈરાગ્યના કારણે બાહ્યભાવોને કર્માધીન, પરાધીન, આત્મિક સુખના બાધક, શાંતિના નાશક, દુર્ગતિના કારણભૂત, મોહ-અજ્ઞાન, વ્યામોહનાકારક તરીકે જોવા માંડે છે, તેમજ આ બધાની જગતના જીવોમાં થતી અસરો, એ અસરોને આધીન થઈને તે જીવોની થતી વિવેક શૂન્ય પ્રવૃત્તિઓ, અનુકૂળતામાં એમની પ્રમાદજન્ય સ્થિતિ, પ્રતિકૂળતામાં દીનતાજન્ય અવસ્થા દ્વારા વિહવળતા અને બનાવટી સૌમ્યતાનું અનુમાન કરે છે અને તેથી બાહ્ય ભાવોમાં અનુભવાતી શાંતિ સુખાકારિતા પ્રસન્નતા વિગેરેને અસમાધિ અને સંસારના કારણરૂપ સમજે છે. આવી સમજણ મળવાથી સ્વભાવે શાંત બને છે. સ્થિર બને છે વિચારક સત્વશીલ અને વિરક્ત બને છે. પ્રતિકૂળતામાં દીન કે અનુકૂળતામાં ઘમંડી બનતો નથી. હર્ષ વિષાદના સ્થાનોમાં લેવાઈ જતો નથી. માન અપમાનમાં ઉશ્કેરાતો નથી. અનુકૂળતા -

પ્રતિકૂળતાને મુખ્યતયા ગણતરીમાં લેતો નથી, આત્માના સમભાવ સ્વરૂપથી બધા પૌદ્ગલિકભાવોને ભિન્ન જોતો રહે છે. અન્ય જીવો પર દયા, પ્રેમ, વાત્સલ્ય ઉદારતાવાળો બને છે. બીજાના કર્મ-મોહ-અજ્ઞાન જનિત અવસ્થા સમજી તેના પર કરુણા રાખનારો બને છે.

એમ સ્વયં મોહ-પ્રમાદ-અજ્ઞાનની અવસ્થામાંથી બચવા ઈચ્છે છે, મોહ-પ્રમાદ-અજ્ઞાનથી થતી ભયાનકતાને જોતો જાય છે. પોતાના ભૂતકાલીન ભવો આનું પરિણામ છે. અનેક જીવો આનો ભોગ બન્યા છે ઈત્યાદિ જોતો જીવ સ્વાભાવિક રીતે એ સૌમ્ય સ્વભાવવાળો બને છે અને ઔદયિક ભાવોમાં તે વિરક્ત બનવા પ્રયત્ન કરે છે.

આમ આગળ વધતાં એ ક્ષાયિક ભાવોને પામવા માટે, ક્ષાયોપશમિક ભાવોને પણ સાધ્ય કે પરિપૂર્ણતા રૂપે ન જોતાં સાધન તરીકે જોવા માડે છે અને તેથી ક્ષાયોપશમિક ભાવો (ક્ષમા, જ્ઞાન વગેરે) અંગે પણ વિહવળતા કે અભિમાન ન કરતા પ્રશાંત રહે છે. તેથી લબ્ધિઓ, શક્તિઓ - ઉત્કર્ષ-આવડત, પુણ્ય, બુદ્ધિ પ્રકર્ષ વગેરે એની પ્રકૃતિ સૌમ્યતાને બાધક બનતા નથી.

આ પ્રકૃતિ સૌમ્યતા ગુણ વૈરાગ્યની અલ્પ-અધિક માત્રાને અનુસરીને અલ્પ અધિક પ્રમાણમાં હોય છે. વૈરાગ્ય ન હોય તો આ ગુણ પણ હોતો નથી. આ ગુણવાળો જીવ અન્યને સુસેવ્ય બને છે તેમજ બીજાઓના પણ ઉપશમનું કારણ બને છે.

## ॥ ચોથો ગુણ : લોકપ્રિયતા ॥

ઈહલોક વિરુદ્ધ અને પરલોક વિરુદ્ધને ન સેવનાર, દાન-વિનય-શીલ સદાચારથી પરિપૂર્ણ જીવ લોકપ્રિય બને છે અને તે લોકોને ધર્મમાં બહુમાન જગાડે છે. આનો વિચાર ત્રણ રીતે કરવાનો છે.

<u>વિશિષ્ટ લોકપ્રિયતાના કારણો</u> :

卐 વિશિષ્ટ પુણ્ય.

卐 તન, મન અને ધનથી લોકોના કાર્ય કરી આપવા.

卐 લોકોને સમજાવી તેઓ પાસે સારા કાર્યો કરાવવા.

卐 લોકની સાથે પ્રેમવાત્સલ્યથી વર્તવું.

卐 લોક વિરુદ્ધ ચીજ, વ્યક્તિ અને આચારોનો ત્યાગ કરવો તે બધાને અપ્રધાન કરવા

卐 લોકોને અવસરોચિત માન-સત્કાર આપવા તે તે ઊંચા સ્થાને રહેલ વ્યક્તિઓના યથાયોગ્ય વિનયાદિ કરવા.

卐 સત્કાર્યો પણ બને ત્યાં સુધી લોકને વિરુદ્ધ બનાવીને ન કરતા અનુકૂલ બનાવીને કરવા, અને પોતે પણ લોક વિરુદ્ધ બનીને ન કરતાં લોકને અનુકુળ બની ને કરવા.

卐 જે સત્કાર્ય અંગેનો લોકોનો વિરોધ ક્ષન્તવ્ય હોય, કાળક્ષેપથી દૂર થઈ શકે તેમ હોય તે સત્કાર્ય કાળક્ષેપ કરી લોક વિરોધ દૂર કરીને કરવા.

卐 દેશાચાર વિગેરે રિવાજનું ઉલ્લંઘન ન કરવું.

卐 જાહેરમાં કોઈની પણ નિંદા ન કરવી કે દુર્જન-ખલ પુરુષોને નિષ્કારણ વિશેષ માન ન આપવું.

卐 પારકી પંચાત કરતા ન ફરવું.

- 卐 કોઈની જોડેય વેરવિરોધ કરી કોર્ટે ન ચઢવું. (પછી ભલે પોતાને થોડું નુકશાન થતું હોય. સામો કોર્ટમાં લઈ જાય એ વાત જુદી..)
- 卐 અનેક પ્રક્રિયા કરીને લોકોને સારા કાર્યમાં જોડવા.
- 卐 પ્રસંગે પ્રસંગે સુકૃત્તો ઊભા કરવા જેથી લોકો એમાં જોડાય.
- 卐 જેનાથી લોકો આડા માર્ગે જાય તેવા નિમિત્તો પહેલેથી જ ઊભા ન થાય એની કાળજી રાખવી, ઊભા થઈ જાય તો તે લોકને ખ્યાલમાં ન આવે એ રીતે વિખેરી નાખવા.
- 卐 શક્તિ-સત્તા-બુદ્ધિ વગેરે કાળજીપૂર્વક એવી રીતે વાપરવા કે જેથી સ્વ-પર ઉપકાર થાય - ગુણકર બને. આ બધી શક્તિ સંયોગોની પ્રાપ્તિ ન હોય તો સામાન્ય લોકપ્રિયતા કેળવવી જોઈએ.

<u>સામાન્ય લોકપ્રિયતાના કારણો</u> :

- 卐 નિયમિત જીવન.
- 卐 અન્યની પ્રશંસા કરવી.
- 卐 અન્યની નિંદા ન કરવી.
- 卐 સ્વઉત્કર્ષ (અભિમાન) ન કરવો.
- 卐 અન્યને શક્તિ અનુસાર સહાય કરવી.
- 卐 દેવું ન કરવું.
- 卐 બીજાને નુકસાનમાં ન ઉતારવા.
- 卐 લોકનિન્દ્ય કાર્ય ન કરવા.
- 卐 બીજાને દુઃખ પીડા થાય તેવું ન કરવું.
- 卐 અપશબ્દ ન બોલવા.
- 卐 અન્ય પર આળ ન ચઢાવવું.

卐 દુઃખીને સહાનુભૂતિ દેખાડવી, સહાય કરવી.
卐 સુખીની ઈર્ષ્યા ન કરતા પ્રમોદ બતાવવો.
卐 લોકનિન્દ્ય કાર્ય બહુધા કરવા નહિ.
卐 મૃદુ - મિષ્ટ - સત્ય વ્યવહાર રાખવો.
卐 વિશેષ નુકશાન ન કરનારા લોકાચારને અનુસરવું.

<u>લોકનિંદનીય બનવાના કારણો</u> :

ઉપરોક્ત પ્રવૃત્તિથી વિપરીત પ્રવૃત્તિ કરવાથી જીવ લોકનિન્દ્ય બને છે આવી વ્યક્તિ જાહેરમાં ધર્મ આરાધવાની યોગ્યતા ધરાવતી નથી કેમ કે એની સારી પણ પ્રવૃત્તિ લોકમાં નિંદાને પાત્ર બને છે એની પોતાની નિન્દ્યતાના કારણે એના દાનાદિ ધર્મો પણ નિંદાય છે.

<u>લોકપ્રિયતા ગુણથી થતા લાભો</u> :

卐 આપણા ધર્મમાં કોઈ વિઘ્ન ના કરે.
卐 આપણા કાર્યમાં આપણે જે ધર્મ આરાધના, લોકોપકાર વગેરે ઈચ્છીએ તેમાં કોઈ વિઘ્ન ન કરે.
卐 બીજાને પાપથી અટકાવી શકાય.
卐 બીજાને ધર્મ પર આદરવાળા બનાવી શકાય.
卐 બીજાને ધર્મ સહેલાઈથી સમજાવી શકાય.
卐 બીજાને ધર્મ કરાવી શકાય.
卐 પોતાના અને બીજાના લૌકિક અને લોકોત્તર કાર્યો અલ્પશ્રમથી કરી શકે.
卐 સદા ભયમુક્ત બને.
卐 સદા સદ્બુદ્ધિ રાખનાર અને આપનાર બને.
卐 અનેકના જીવનમાં થયેલાં ક્લેશોને, તેઓના દિલમાં પોતાને માટે રહેલા બહુમાનના પ્રભાવ સમજાવટથી દૂર કરીને શાંતિ સ્થાપે.

- 卐 અનેકના જીવનમાં વિવેક આવે.
- 卐 અનેકની આપત્તિને, અન્ય યોગ્ય વ્યક્તિને ભલામણ કરી અલ્પ પ્રયત્ને દુર કરી શકે.
- 卐 પાપી દુર્ગુણી વિરોધી અને ગુંડાઓ જેવા પણ પ્રાયઃ પોતાને અનુકૂળ વર્તે.
- 卐 જે પ્રતિકૂળ વર્તે તે પણ લજ્જા અને ભય પામે.
- 卐 આપણા આશ્રિતને કે આપણને આગળ કરીને રહેનારને પણ એ લોકો આપણી લજ્જા અને અવસરે આપણે તેઓ પર કરેલા ઉપકારને કારણે હેરાન ના કરે.
- 卐 પોતાના સાગરિતોને પણ એ પોતાની સર્વશક્તિ અને લાગવગથી સમજાવે અને તેમ છતાં જે કોઈ આપણને દબાવે કે હેરાન કરે તો એની સામે એ આપણા રક્ષણાદિ માટે પડે.
- 卐 પરિણામે લોકમાં આવા પાપીઓ-દુર્ગુણીઓ બીજાને બગાડનાર કે હેરાન કરનાર ન બને.
- 卐 આપણા નિમિત્તે લોકો ખેંચાઈને જિનભક્તિ-તપ ત્યાગમાં જોડાય, ઔચિત્ય અને સજ્જનતાનું જીવન જીવી શકે.
- 卐 ધર્મ ગુરુઓની મહત્તા લોકપ્રિય વ્યક્તિ કરે એ જોઈને લોકોને પણ તેઓ પર ભારે આદર બહુમાન થાય તેથી તેઓને વધારે લાભ થાય, અને એ લોકો વિશિષ્ઠ આરાધના કરી શકે. ઉપરોક્ત ગુણો લોકપ્રિયતા દ્વારા મેળવી શકાય છે.

<u>લોકનીંદનીયતા હોય તો થતાં નુકશાન</u> :

- 卐 આપણે ધર્મ કરીએ તો પણ નિંદા થાય.
- 卐 નિંદાથી આપણને ભય અને લજ્જા આવે.

- 卐 બીજાઓ શક્તિ મુજબ આપણને આપણા ધાર્મિક કે સાંસારિક કાર્યોમાં વિઘ્ન કરે.
- 卐 આપણા ધર્મની, આચારની, દેવ, ગુરુની નિંદાથી એ લોકો દુર્લભબોધિ થાય.
- 卐 આપણાં અછતાં દુષણો ઊભા કરી જાહેર કરે, આળ આપે.
- 卐 આપણા આશ્રિતને આપણાં વિરોધી બનાવવા પ્રયત્ન કરે.
- 卐 દેવની નિકટ ન આવે.
- 卐 દેવની પૂજાભક્તિની સૂગ કરે.
- 卐 ગુરુઓના પ્રભાવને ઝાંખો પાડવાનો પ્રયત્ન કરે.
- 卐 આપણા નિમિત્તે દેવ-ગુરુઓના યોગથી વંચિત રહે.
- 卐 સમાનધર્મી બાલજીવો આ લોકોએ કરેલ નિંદાના કારણે આપણી સાથે સારો વ્યવહાર ન રાખે.
- 卐 આપણું વચન ન માને.
- 卐 આપણને આરાધનામાં સહાય ન કરે.
- 卐 આપણા સારા કાર્યમાં પણ લોકનિંદાના ભયથી તેઓ દૂર રહે.
- 卐 આપણા ગાઢ પરિચયમાં આવતા પણ સંકોચ કે અરુચિ કરે.
- 卐 આપણાથી એમને લાભ ન થાય આપણે એમને સમજાવી ન શકીએ એમને આગળ વધારી ન શકીએ.
- 卐 ધર્મક્ષેત્રે આપણું બળ બીજાની સહાયતાથી જે વધવું જોઈએ તે ન વધે.
- 卐 એકતાથી થનારા સારા કાર્યો આપણે કરાવી ન શકીએ.
- 卐 આપણને પણ નિરુત્સાહ-અશાંતિ-ઉકળાટ થાય.

卐 તન-મન-ધન અને બુદ્ધિનો વ્યવસ્થિત ઉપયોગ અને ધર્મની પ્રભાવના ન કરી શકીએ.

卐 સજ્જનોનો પણ લોક વિરોધને કારણે વિરોધ થાય.

卐 તેઓ પણ ધર્મથી વિમુખ બને.

卐 લોકઅપ્રિયતાના કારણે લોકો ધર્મના નામે ઘરના માણસને ઉશ્કેરીને અંદર અંદર ઝઘડા ઉભા કરે.

卐 ગુરુઓ, વડીલો, પુજ્યો સાથે પણ આપણો વિરોધ થાય એવી એ લોકો કાર્યવાહી કરે તેથી ધર્મક્ષેત્રે પણ ધર્મગુરુઓ-પૂજ્યો પર આપણને અનાદર થવાથી ભયંકર મિથ્યાત્વ બંધાય, પરિણામે અનંત સંસાર ઉપાર્જિત થાય. આ રીતે આપણે ધર્મ ભ્રષ્ટ બનીએ માટે લોક જીવનમાં પણ લોક નિન્દ્ય ન બનતા લોકપ્રિય બનીએ એવા કાર્યો કરવા કે જેથી આપણા ધર્મ કાર્યો નિંદાય નહિ.

卐 લૌકિક કાર્યો પણ નિંદાય નહિ તેમજ માન પ્રતિષ્ઠા આબરૂને ધક્કો લાગે નહિ. લોકનિંદનીયતાના આવા બધા ભયંકર નુકસાનો હોઈ તેને દૂર કરવા પ્રયત્નશીલ બનવું. એ માટે આપણી કંજુસાઈ, ક્રોધી સ્વભાવ, નિંદાખોર સ્વભાવ વગેરે જે કારણોએ લોકનિંદા થઈ હોય તે બધાને દૂર કરવા પ્રયત્ન કરવા. એ બધા કારણો ના હોય અને આપણે લોકપ્રિય બનવા વિનય-દાન શીલાદિ કારણોને સેવતાં હોઈએ અને તેમ છતાં જો પૂર્વના કોઈ તીવ્ર અશુભ કર્મના ઉદયે લોકપ્રિયતા ન મળતાં લોકનિંદા જ મળતી હોય તો બને ત્યાં સુધી જાહેરમાં લોકોને ધર્મની નિંદા દ્વારા દુર્લભબોધિ બનવામાં નિમિત્ત ન બનીએ અને બીજાને નિંદાનું નિમિત્ત ન મળે એ

રીતે કાળજીપૂર્વક પોતે ધર્મ કરવો. વળી તેમ છતાં કોઈને કોઈ રીતે બીજાઓ નિંદા કર્યા કરે તો એ નિંદાના ભયથી ધર્મ ન છોડવો, પણ એ જીવોની ભવિવ્યતા આદિને આગળ કરી એ નિંદાની ઉપેક્ષા કરવી.

## ॥ પાંચમો ગુણ : અક્રૂરતા ॥

ક્રૂરતાનો અભાવ એ અક્રૂરતા અથવા ક્રૂરતાનો ત્યાગ એ અક્રૂરતા આમાં ક્રૂરતા એટલે ક્રોધાદિથી દુષિત થયેલો અને અનુકંપાનો વિરોધી એવો પરિણામ. આ પરિણામવાળા જીવને બીજાને દુઃખી કરવામાં, જોવામાં, આનંદ પ્રસન્નતા, વડાઈ, મહત્તા લાગે છે. બીજાઓ પ્રત્યે તિરસ્કારની લાગણી પ્રવર્ત્યા કરે છે.

<u>નિદર્યતા</u> : બીજાને પ્રત્યે સ્વનિમિત્તે કે અન્ય નિમિત્તે દુઃખી થતા જોવા છતાં હૃદયમાં નિઃશુક્તાની લાગણી થવી, દુઃખની કુણાશની લાગણી ન થવી એ નિર્દયતા છે.

<u>દયા</u> : બીજાને દુઃખી જોઈને, એની સાથે પોતાને કોઈ લેવા દેવા ન હોય તો પણ, એ વ્યક્તિ પોતાના સ્વજનાદિ ન હોય તો પણ દિલમાં એના દુઃખ પ્રત્યે કુણી લાગણી થવી એ દયા કહેવાય. સામાના દુઃખ કે આઘાતમાં જો પોતે નિમિત્ત બન્યો હોય, તો તેના પ્રત્યે પશ્ચાતાપ પૂર્વકની લાગણી થઈ એ દયા છે. નિર્દયતા કરતાં ક્રૂરતા વધુ ભયંકર દોષ છે કેમ કે નિર્દયતામાં અન્યના દુઃખ જોઈને માત્ર કઠોર બનવાનું છે, આનંદ અનુભવવાનો નથી જ્યારે ક્રૂરતામાં આનંદ અનુભવવાનો છે. તેથી નિર્દય માણસ પણ સ્વાર્થ

ન હોય તો નિષ્કારણ અન્યને દુઃખી કરતો નથી. જ્યારે ક્રૂર વ્યક્તિ પોતાનો પોતાના તુચ્છ ક્ષણિક-આનંદ-ખાતર અન્યને ભયંકર રીબામણા દુઃખો પહોંચાડે છે, યાવત્ મારી પણ નાખે છે.

<u>ક્રૂરતાના લક્ષણો</u> : પરમાધામીની જેમ કુતુહલથી કડક સત્તા ચલાવવી, નિષ્કારણ કદર્થના કરવી, ક્રૂર વ્યવહાર રાખવો, ઉગ્રમાર મારવો તેમજ અનુકૂલતા-મજા, સ્પર્શનાદિ ઈન્દ્રિયોની મોજ માટે બીજા ઉપર બળજબરી કરવી, દંડ કરવો, વસ્તુ-ધન-લૂંટવા, હાથપગ વગેરે બાંધવા, નિયંત્રણ કરવું, અંગોપાંગાદિનો છેદ કરવો, માનહાનિ કરવી. દ્રષ્ટિમાંથી તિરસ્કાર વરસાવવો. આ બધુ સ્વાર્થ વગર નિષ્કારણ પણ હોય તેમજ કારણની હાજરીમાં વધારે હોય, ઉગ્રરૂપમાં હોય. વિશેષમાં, ત્રસજીવોની હિંસા કરવી-કરાવવી, નિરર્થક સ્થાવર જીવોની હિંસા કરવી-કરાવવી, તેવા તીક્ષ્ણ શસ્ત્રો, ઔષધો વગેરેનો ઉપયોગ કરવો, અનેક્ની જાનહાનિ થાય એ રીતે જાણી જોઈને પ્રવર્તવું, શિકાર વગેરે કરવો. આ બધા ક્રૂરતાના પ્રકાર છે. ક્રૂરતાથી સૌમ્યતા નાશ પામે છે. રોષાણશીલતા અને અસૌમ્યસ્વભાવ ઊભા થાય છે. દયા-સહાનુભૂતિના પરિણામ નાશ પાસે છે. અસૌમ્યતા, ક્રોધથી, માનથી, લોભથી, કામથી ઈત્યાદિ અનેક પ્રકારે ઉત્પન્ન થાય છે. એમાંથી જે જીવોના અમુક પ્રકારના દુઃખોના કારણભૂત ક્રોધથી પેદા થએલી હોય અને જેમાં આનંદની લાગણી ભળેલી હોય તે ક્રૂરતા દોષ છે અને તેનો અભાવ એ અક્રૂરતા ગુણ છે એવું જણાવવા આ ગુણ જુદો દર્શાવ્યો છે.

<u>ક્રૂરતાના નુકશાનો</u> : આ લોકમાં અપ્રિતી -વિશ્વાસરહિતતા, નિંદા, અપયશ, પ્રાણાંત ઉપદ્રવ, સ્વકાર્યોનો લોકમાં વિરોધ

વગેરે.

<u>પરલોકમાં</u> : દુર્ગતિની પરંપરા અત્યંત-અશાતા-અત્યંત અનાદેયતા-નીચગોત્ર-મૂર્ખતા-ઈન્દ્રિયહીનતા-અપંગતા-ભવાંતરમાં પણ ક્રૂરતા એના કારણે-અવિવેક-મોહમૂઢતા-જડતા-ધર્મની અયોગ્યતા વગેરે.

<u>અક્રૂરતા</u> : અન્ય પાસે દયાભાવ-પ્રેમભાવ- સહાનુભૂતિભાવ વગેરેથી, તેમજ ક્રોધની ભયાનકતાના અને ક્રૂરતાના વિપાકોનો ખોટો અવિવેકી ઉપયોગ ન કરવાથી, સામાને પીડા આઘાત ન થાય તેવી વિચારણાથી અને વર્તાવથી અક્રૂરતા ગુણ પેદા થાય છે, ટકે છે. આ ગુણ આવ્યા પછી ક્રમશઃ દયાળુતા - પ્રકૃતિ સૌમ્યતા વગેરે ગુણોની યોગ્યતા આવે છે, ટકે છે અને બીજા ગુણો વધે છે.

## ।। છઠ્ઠો ગુણ : પાપભીરુતા ।।

કેદ વગેરે રૂપ આ લોકના નુકશાનો, દુર્ગતિપાતાદિરૂપ પરલોકના નુકશાનોને વિચારતો જીવ પાપમાં પ્રવર્તતો નથી તથા અપયશરૂપ કલંકથી બીનારો જીવ પણ પાપમાં પ્રવર્તતો નથી. આવો જીવ યોગ્ય અયોગ્યનો વિચાર કરનારો હોય છે. માટે એ ધર્મને યોગ્ય છે.

સામાન્ય જીવો નીચેના ભયોવાળા હોય છે.

卐 પાપનો.

卐 દુર્ગતિનો

卐 અશુભ સંસ્કારનો.

卐 ધર્મની નિંદાનો.

卐 માન-આબરૂ પ્રતિષ્ઠાની હાનિનો.

卐 અપયશનો

卐 આયુષ્ય હાનિનો

卐 દુ:ખનો.

<u>પાપનો ભય</u> = <u>પાપભીરુતા આવવાથી જીવ</u> :

卐 પાપ કરતો નથી.

卐 પાપને પાપ તરીકે સમજે છે, માને છે.

卐 પાપ થઈ જાય કે આવેશમાં કરી નાખે તો પશ્ચાતાપપૂર્વક આલોચના-પ્રાયશ્ચિત કરે છે અને તેનું વહન કરે છે.

卐 પાપની જુગુપ્સાવાળો બને છે.

卐 પાપના વિપાકોને જાણનારો બને છે.

卐 તેથી સંવેગ નિર્વેદયુક્ત બને છે તેમજ એ બે તીવ્ર તીવ્રતર બનતા જાય છે.

卐 પાપના ફળના ભયના કારણે પાપથી બચવા ધર્મમાં પ્રવર્તે છે. સ્થિર થાય છે.

<u>દુર્ગતિનો ભય પેદા કરનારો</u> :

卐 પાપના ફળ રૂપે પ્રાપ્ત થયેલા ઢોર વિના દુ:ખોને જાણે છે, પ્રત્યક્ષ જુએ છે.

卐 એ દુર્ગતિઓમાં પ્રવર્તતા, અવિવેકને અને એના કારણે નવી સર્જાનાર દુર્ગતિને પરંપરાને જુએ છે.

卐 દુર્ગતિના ભયંકર દુ:ખોને નજરમાં રાખવાથી, ધર્મ કરતી વખતે કદાચ લોકોમાં વેદિયા વિગેરે દેખાવાથી માનહાનિ થતી હોય, અર્થહાનિ થતી હોય, કાયાને કષ્ટ પડતું હોય, આરોગ્યની હાનિ થતી હોય, મરણાંત કષ્ટ આવતું હોય તો પણ આ માનહાનિ વગેરેથી ગભરાતો નથી પણ ધૈર્યવંત બની ધર્મને પકડી રાખે છે આમ પાપના

ભયથી અને દુર્ગતિના ભયથી ધર્મમાં સત્ત્વ ખીલે છે, આવનારી કે આવી પડેલ પ્રતિકૂળતા-પીડા-અપમાનને સહર્ષ સત્ત્વપૂર્વક સહન કરવાનું સામર્થ્ય પ્રગટે છે.

સંસારી જીવો આલોકના દુઃખોથી ભય પામતા હોય છે, ડરપોક હોય છે આવી પડે તો રોકકળ હાયવોય કરી નવા પાપો બાંધે છે. ધર્મી જીવો પાપના અને દુર્ગતિના ભયના કારણે દુર્ગતિના દુઃખો નજરમાં હોવાના કારણે આલોકના દુઃખોને સમાધિપૂર્વક સહન કરવા માટે સમર્થ બને છે અને તેથી નવા પાપો બંધાતા નથી જુના ઘણા પાપોનો નિકાલ થઈ જાય છે.

<u>પાપભીરુ ધર્મીજીવો</u> :

卐 અનુચિત આચરતા નથી.

卐 અન્યને ધર્મમાં વિઘ્ન કરતા નથી.

卐 લોકોમાં ધર્મ નિંદાય નહિ તેવી રીતે કાળજીપૂર્વક ધર્મ કરે છે.

卐 લોકો અને પોતાના આશ્રિતો પોતાના નિમિત્તે પાપમાં વિશેષ રીતે ન પ્રવર્તે તેની કાળજી રાખે છે.

卐 સ્વ જીવનમાં નવા પાપો, પાપની પ્રશંસા, પાપનો પક્ષપાત વગેરે તત્ત્વો ન પ્રવેશે તેની સાવધાની રાખે છે.

卐 બાહ્ય અઢાર પાપસ્થાનો અને તેને આંતરિક ભાવોથી ગભરાતો રહે છે, તેઓને ઓછા કરતો રહે છે તેમજ થઈ ગયેલા પાપોની નિંદા-ગર્હા કરતો રહે છે.

卐 ધર્મના અનુષ્ઠાનોમાં આનંદિત રહે છે.

卐 સંસાર અને પાપયોગોમાં નિરુત્સાહ ઉદાસીન બને છે.

卐 પાપભીરુ જીવને જેમ જેમ સમજણ વિવેક - વૈરાગ્ય - સંવેગ વધતા જાય છે તેમ તેમ પ્રથમ હિંસાદિ અનેક બાહ્ય પાપોનો ભય વધતો જાય છે અને પછી હિંસાદિના ભાવરૂપ આંતરિક પાપોનો પણ ભય જાગવા માંડે છે અને તે પછી એ ભાવ પાપના મૂળ કારણભૂત રાગાદિ પરિણતિઓનો પણ ભય જાગે છે અને તેથી કુસંસ્કાર- દૂર્ગતિ - પાપપ્રવૃત્તિમાં નિ:શૂક્તા, નિર્દયત વગેરે દોષો ઘટતા જાય છે. નાશ પામે છે. માનહાનિનો અને અપયશનો આ બે ભય જો પાપ ભય વગર હોય તો ક્યારેક ધર્મમા વિઘ્ન કરનાર બને છે. એમ આયુષ્ય હાનિનો અને દુ:ખનો ભય પણ જો પાપભય દુર્ગતિભય-કુસંસ્કારના ભય વિના હોય તો એ આત્માને વિશેષ લાભકર્તા બનતા નથી. કારણ કે મોહ - અજ્ઞાન જન્ય હોય છે.

<u>પાપભીરુતા ન હોય તો</u> :

卐 ભવાભિનંદીતાના લક્ષણો આવે છે.

卐 પાપમાં નિ:શંકપણે પ્રવૃત્તિ થાય છે.

卐 પાપમાં મસ્તી આવે છે.

卐 બીજાના પાપને પોષવાનું અને પ્રશંસવાનું થાય છે.

卐 ધર્મની પ્રવૃત્તિ થતી નથી.

卐 ધર્મથી દૂર રહેવાનું થાય છે-અન્યના ધર્મની નિંદા - મશ્કરી કરવાનું થાય છે.

卐 પોતાની ભયંકર દુર્ગતિની પરંપરા સર્જાય છે.

卐 બીજા અનેકને પાપમાં જોડવાથી મસ્ત બનાવવાથી તેમજ ધર્મથી દૂર રાખવાથી તેઓની પણ દુર્ગતિની પરંપરા સર્જાય છે.

અપુનબંધકપણાના ૩ લક્ષણમાં 'પાપનવિ તીવ્ર ભાવે કરે' એવું એક લક્ષણ મૂકીને આ જણાવ્યું છે કે પ્રાથમિક ધર્મ માટે પણ આત્મામાં યોગ્યતા તરીકે આ ગુણ જોઈએ.

<u>પાપનો ભય જગાડવા માટે</u> :

- પાપના ભયંકર પરિણામો જાણવા જોઈએ, વિચારવા જોઈએ અને તેની શ્રદ્ધા કરવી જોઈએ.
- બીજાઓ કે સ્વયં જે દુ:ખોને ભોગવતા હોય તેના મૂળમાં પાપ જોવા જોઈએ.
- પાપોને વ્યવહારથી છોડવા જોઈએ. (ભાવથી ન છૂટે તો પણ)
- પાપપોષક વ્યક્તિ-સ્થાન - વસ્તુ - સંયોગાદિથી દૂર રહેવું, દૂર ન રહી શકાય તો સાવધ રહેવું.
- પાપના વિચારોને અટકાવવા જોઈએ.
- પાપ વિચારો ઉત્પન્ન થાય તેવો વ્યવહાર છોડવો જોઈએ.
- થઈ ગયેલા પાપોની નિંદા જુગુપ્સા કરતાં રહેવું જોઈએ. આ બધું કરતા રહેવાય તો ધીમે ધીમે વાસ્તવિક પાપભય ઊભો થવા માંડે છે.

## ॥ ગુણ ૭મો : અશઠતા ॥

અશઠતા = અમાયાવી જીવ અન્યને ઠગતો નથી અને તેથી વિશ્વસનીય તેમજ શ્લાઘનીય બને છે. આવો જીવ ભાવપૂર્વક ધર્મમાં ઉદ્યમી બની શકે છે માટે અમાયાવી જીવ ધર્મ માટે યોગ્ય છે.

<u>માયા બે પ્રકારે છે</u> : ॐ સ્વાર્થ માટે ॐ પરમાર્થ માટે.

માયા એટલે સાચી પરિસ્થિતિ - ભાવ- સ્વરૂપ સામાને ન જણાવતા વિપરીત રૂપે જણાવવા તે, એ વિપરીત રૂપે જાણે-સમજે એ રીતે વર્તવું - બોલવું તે. વસ્તુની પ્રાપ્તિ માટે, માન માટે, અપયશ ટાળવા માટે કે ભય - ક્રોધ - લોભ - હાસ્ય વગેરે કારણે માયા થાય છે. અલ્પ સત્ત્વ અને વસ્તુ કે માનાદિનું પ્રલોભન માયા કરાવે છે. ચાલુ વ્યવહારમાં, જે નિષેધ કરવામાં, સાચી વસ્તુસ્થિતિ ન જણાવવી હોય - નિષેધ કરવો હોય તો થોડું પણ સત્ત્વ હોય તો 'મારે નથી કહેવું. પરિસ્થિતિ નથી જણાવવી' ઈત્યાદિ નિષેધ થઈ શકે છે. પણ સત્ત્વ ન હોય તો માયા થાય છે.

આથી માયાને ટાળવાથી સત્ત્વ કેળવાય છે અને ભય પર વિજય પ્રાપ્ત થાય છે. મન - વચન - કાયા ચાલુ બાબતોમાં સરળ બને છે. કેટલાક જીવો વસ્તુસ્થિતિનો ખુલાસો કરવાની અનઆવડત અને ગભરાટથી પણ માયા કરી બેસે છે. માટે ગભરાટ દૂર કરી જેવું આવડે તેવી રીતે વસ્તુસ્થિતિ જણાવવી પણ નાની પણ વાત માટે માયા ન કરવી.

<u>શઠતા - માયાના દોષો</u> :

- ॐ માયાવી માણસ જ્યાં માયા કરવાની ન હોય (અર્થાત માયા કરવાથી પણ તાત્કાલિક સ્વાર્થ સિદ્ધિ ન હોય) ત્યાં પણ સ્વભાવદોષના કારણે માયા કરી બેસે છે.
- ॐ માયાના કારણે અવિશ્વસનીયતા આવે છે જેના કારણે માયા ન કરતો હોય ત્યારે પણ અન્યને તેના પર વિશ્વાસ બેસતો નથી.
- ॐ માયા એ મળેલી બુદ્ધિનો દુરુપયોગ છે તેથી એનાથી

ગાઢ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે.

卐 ભવિષ્યમાં મનશક્તિ ન મળે-મળે તો અલ્પ મળે એવા અંતરાય બંધાય છે.

卐 માયા મોહનીય કર્મના ઉદયથી થાય છે માટે એનાથી નવું ગાઢ મોહનીય કર્મબંધાય છે.

卐 જે કષાય આભોગ-રસપૂર્વક કરવામાં આવે તે કષાય પ્રકૃતિગત-સ્વાભાવિક બની જાય છે. એવી પ્રાયિક વ્યાપ્તિના કારણે માયા સ્વાભાવિક બનવા માંડે છે.

卐 સારી - સાચી ચીજ છૂપાવવી - દોષ ઢાંકવા બીજા પાસેથી ચીજ લઈ લેવી વગેરે રૂપ બીજાને છેતરવાની વૃત્તિથી બીજા અંતરાયો, અશુભનામ - ગોત્ર-વેદનીય કર્મ વગેરે બંધાય છે, તીવ્ર રસવાળા થાય છે.)

卐 સરળતા જાળવી રાખવા માટે ક્યારેક પૌદ્ગલિક ચીજને છોડવી પણ પડે છે તેથી સરળતાથી પુદ્ગલપરની ગાઢ મમતા તૂટવા માંડે છે અને તેથી ધર્મની યોગ્યતા આવે છે. આનાથી વિપરિત એવી માયા જીવને પુદ્ગલની ગાઢ મમતાયુક્ત બનાવી અન્ય ગુણો અને ધર્મ માટે અયોગ્ય બનાવે છે માટે અશઠપણું એ ગુણોની ઉત્પત્તિની યોગ્યતા ભૂમિ છે.

<u>પરાર્થ માટે કરાતી માયા</u> : પોતાના કે બીજી પણ તે તે વિશિષ્ટ સ્થાને રહેલ વ્યક્તિના થઈ ગયેલા દોષોની યોગ્ય ગીતાર્થ ગુરુ પાસે આલોચના કરવાની હોય છે પણ અન્ય જે તે વ્યક્તિઓને તે દોષો જણાવવાના હોતા નથી. કેમ કે તેઓ એ જાણે તો આવી ધર્મી તરીકે પ્રસિદ્ધ વ્યક્તિમાં કે ઉંચે સ્થાને રહેલ વ્યક્તિમાં પણ આવા દોષો છે. તો તો બધા ધર્મીઓમાં આવા દોષો હશે. અને તો પછી તેઓના

ધર્મથી પણ સર્યુ ! ઈત્યાદિ અભિપ્રાય તેઓમાં રહેલો ક્ષોભ થાય છે અને તો પછી ધર્મ પ્રત્યેનો તેઓમાં રહેલો થોડો પણ પરિણામ પણ નષ્ટ થઈ જાય છે તેથી તેઓનો એ પરિણામ નષ્ટ ન થઈ જાય જળવાઈ રહે એ માટે તેઓમાં જે 'આ માણસ ધર્મિષ્ઠ છે, આ દોષો વિનાનો છે ઈત્યાદિ રૂપ પોતાના વિષેની જે જાણકારી હોય છે એ ટકાવી રાખવી પડે છે. તેને ટકાવી રાખવા માટે થઈ ગેલા દોષની એને ખબર ન પડે એ રીતે વર્તવું પડે છે. કદાચ એ પૂછપરછ કરે તો પણ આડા અવળા કે જરૂર પડયે ખોટા જવાબો દઈને પણ પોતાનામાં એ દોષ નથી એવી એને ખાત્રી કરાવવી પડે છે. આ રીતે પોતાની હલકાઈ ન થાઓ' એવા અભિપ્રાયથી નહિ પણ સામાના પરિણામોની રક્ષા થાઓ' એવા અભિપ્રાયથી ઉક્ત ખાત્રી વગેરે કરાવવા માટે જ માયા આચરવી પડે છે એ 'પરાર્થ માયા' છે અને એ કર્તવ્ય છે આ માત્ર દ્રવ્યમાયા (બાહ્ય માયા) રૂપ છે ભાવ માયા રૂપ નથી અને તેથી માત્ર દ્રવ્ય હિંસા વગેરેની જેમ દોષરૂપ નથી.

ગીતાર્થ મહાત્માઓ આપવાદિક જે પ્રવૃત્તિ કરે છે તેની પણ અગીતાર્થ સાધુ કે શ્રાવકાદિ ન જાણે તેની કાળજી રાખવા કે પ્રવચન ઉડ્ડાહ વગેરેને અટકાવવા જે વસ્તુને છૂપાવવાની પ્રવૃત્તિ કરે છે તે પણ આ પરાર્થ માયા રૂપ જાણવી. સ્વ-પરના પરિણામોની રક્ષા માટે બુદ્ધિનો પરાર્થમાયા રૂપ ઉપયોગ કરતા જેણે ન આવડતું હોય તે લોકમાં પણ વિશિષ્ઠ સ્થાનનો યોગ્ય અધિકારી બની શક્તો નથી તેમજ લોકોત્તર શાસનમાં પણ વિશિષ્ઠ પદને યોગ્ય રીતે વહન કરી શક્તો નથી.

જેમ પાપબુદ્ધિથી સ્વાર્થમાયા કરનાર માયાવી વ્યક્તિ

અવિશ્વસનીય બને છે તેમ આવડત - ગંભીરતા વગરના સરળ માણસો પણ કે જેઓ અન્યના કે પોતાના દોષો જ્યાં ત્યાં બોલી જતા હોય, જ્યાં કોઈ સામેથી પૂછે તો પણ કહેવાના ન હોય તેવા સ્થળે પણ સાચું કહી દેતા હોય તેવી વ્યક્તિ પણ વિશિષ્ઠ વાતો માટે અવિશ્વસનીય બને છે. એમ સાચી અને સારી વાતો પણ જ્યાં જેટલા કાળ સુધી ગોપવવાની હોય (કે જેથી સ્વ-પરને વિશેષ લાભ થાય) ત્યાં પણ તેવી વિશિષ્ટ વાતો માટે અવિશ્વનીય બને છે. આવા સ્થળોએ માયાને બદલે આચરાતી સરળતા વાસ્તવિક સરળતારૂપ કે વાસ્તવિક ગુણરૂપ નથી કિન્તુ દોષરૂપ છે. મૂર્ખાઈ છે. માટે આવી સરળતા રાખનાર વ્યક્તિઓ પણ નિપુણ બુદ્ધિગમ્ય વિશિષ્ટ ધર્મ માટે યોગ્ય હોતા નથી.

<u>અશઠતા ગુણના લાભો</u> :

卐 હૃદયમાં શાંતિ, નિર્ભીકપણું.

卐 વિશ્વસનીયતા 卐 હૃદયની પવિત્રતા

卐 સરળતા રાખવાના પરિણામથી અશુભ કર્મની નિર્જરા અને અશુભ અનુબંધોનો હ્રાસ-નાશ.

卐 શુભકર્મનો બંધ શુભઅનુબંધોનું પડવા અને વધવાપણું.

卐 અન્ય ગુણોની યોગ્યતા.

卐 બુદ્ધિની તીવ્રતા-વિવેક-ગાંભીર્ય જ્ઞાનાવરણનો સમ્યક - શુભક્ષયોપશમ.

卐 જ્ઞાનાવરણ-મોહનીય-અંતરાય કર્મના ક્ષયોપશમોની વૃદ્ધિ

卐 પૂજ્યતા, આદેયતા, સૌભાગ્ય.

卐 બાહ્ય અને આંતરિક વિશિષ્ટ સ્થાનોની પ્રાપ્તિ શઠતા-માયાના આના કરતાં વિપરિત નુકશાનો સમજવા.

## ॥ આઠમો ગુણ : સુદાક્ષિણ્ય ॥

જે કાર્ય કરવાની (અથવા જે રીતે તે કાર્ય કરવાની પોતાને ઈચ્છા ન હોય, ગમતું ન હોય, ફાવતું ન હોય તે કાર્ય અન્ય વડીલ - પૂજ્ય - સ્નેહી - ઉપકારી આદિના કહેવાથી ઉપરોધથી કરવું (તેઓ કહે તે રીતે કરવું) એ દાક્ષિણ્ય છે અથવા જે કાર્ય પોતાને માટે સાવ અશક્ય ન હોય તેવા કાર્યની કોઈએ પણ કરેલી પ્રાર્થનાનો પ્રાય ભંગ ન કરવો પણ જાતનો થોડો ભોગ આપીને પણ એ પ્રાર્થનાને સફળ કરવી એ દાક્ષિણ્ય છે.

સામાની પ્રાર્થનાનો ભંગ ન કરવો પડે એ માટે જે કાર્ય કરી આપવામાં સ્વને પરને કે ઉભયને આલોક કે પરલોકનું પારમાર્થિક વિશેષ નુકશાન થતું હોય, મોટું પાપ બંધાતુ હોય તે કાર્ય કરી આપવા માટેના પ્રયોજકરૂપ દાક્ષિણ્ય એ ગુણરૂપ ન બનતા દોષરૂપ બને છે. માટે ગુણ તરીકેના 'દાક્ષિણ્ય'ને 'સુ' શબ્દો લગાડયો છે. અર્થાત આલોક પરલોક ને ઉપકારક બને તેવા કાર્યના હેતુભૂત દાક્ષિણ્ય એ સુદાક્ષિણ્ય. આ દાક્ષિણ્ય સદ્‌વિષયક હોય છે ગુણકર બને છે તેમજ વિવેક-બુદ્ધિપૂર્વક પ્રવર્તેલું હોય છે. આ ગુણવાળો જીવ સ્વકાર્યને ગૌણ કરીને કે બંધ કરીને પણ અન્યનું કાર્ય કરી આપે છે. આ ગુણના પ્રભાવે ભવિષ્યમાં એ પણ ગ્રાહ્ય વાક્ય અને અનુવર્તનીય બને છે. અર્થાત એના આશ્રિતો પણ એના વચનને ઉત્થાપતા નથી તેમજ એની ઈચ્છા મુજબ વર્તનારા બને છે.

આ ગુણના કારણે સજ્જનો - વડીલો - આત્મિક -

સહાયક - કલ્યાણ મિત્રો-ધર્મીઓ વગેરેના વચનોને સ્વીકારીને પ્રવૃત્તિ થતી હોઈ.

卐 તેને સજ્જનનદિરૂપ ગુણી પ્રત્યે અને તેઓમાં રહેલા ગુણો પ્રત્યે સક્રિય બહુમાન પ્રગટે છે અને તેથી

卐 આપણામાં આત્મિક ગુણોની યોગ્યતા આવે છે, દોષોની અટકાયત થાય છે.

卐 મોહ-મદ-કષાયાદિનો જય થાય છે.

卐 તે વડીલ સજ્જનાદિને આપણા ઉપર રહેલી લાગણી વાત્સલ્યમાં વૃદ્ધિ થાય છે તેથી

卐 આપણી વધુ સંભાળ રાખે છે જેના કારણે

卐 આપણને જ્ઞાનાદિનો વિશેષ લાભ મળે છે તેમજ

卐 દોષો-પ્રમાદ-ભુલોમાંથી વિશેષ રીતે બચાવ થાય છે.

卐 આપણને જે દોષ સમાન્ય રીતે કાઢવો અશક્ય પ્રાય: જેવો લાગતો હોય અને તેથી એને કાઢવા માટેનો પ્રયાસ પણ આપણે ન કરતાં હોઈએ તેવા દોષ પણ વડીલાદિના કથનથી આ ગુણના પ્રભાવે કાઢી શકાય છે.

卐 વડીલાદિએ અન્ય જેઓના જ્ઞાનાદિની વૃદ્ધિરૂપ જે પ્રયોજનથી આપાણે વિવક્ષિત કાર્યાદિ કરવા કહ્યા હોય તે કાર્યાદિ થવાથી અન્યના તે જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે.

આમ અન્યને સહાયક બનવાનો લાભ મળે છે અને તેથી તેઓને સંતોષ - પ્રેમ - જ્ઞાનાદિની વૃદ્ધિ થાય છે. વડીલાદિ તરફનો તેઓનો આદર-બહુમાન ભાવ વધે છે.

આ સુદાક્ષિણ્યતાના ગુણથી ગતાનુગતિક જીવોમાં પાણ વડીલોની ઇચ્છાનુસાર વર્તવું એમનું કહેવું કરવું બીજાને

સહાયક થવું વગેરેના મનોરથો જાગવા માંડે છે અને ક્રમશઃ એ રીતે તેઓ વર્તવા માંડવાથી આવા ગુણોના આચાર પણ તેઓમાં સાહજિક આવવા માંડે છે. વળી આમાંબીજાની પ્રાર્થનાનો ભંગ થતો ન હોવાથી.

卐 એ આપત્તિમાંથી ઉગરે છે.

卐 અવસરે સહાય મળવાથી એ પણ અવસરે બીજાને સહાયક બને છે.

卐 આપણા ઉપર ઉપકારી તરીકેનો ભાવ જાગવાથી અવસરે આપણે એને કોઇ દોષમાંથી બચવાની આપણી કક્ષા મુજબ સલાહ આપીએ તો એ મુજબ તેઓ પાપ-દોષમાંથી નિવૃત્ત થાય છે. તેમજ આપણી સલાહ મુજબ એ દાનાદિ પરોપકારમાં પ્રવર્તે છે.

<u>સુદાક્ષિણ્યતા ગુણ ન હોય તો</u> :

卐 વડીલોની આમન્યા ન રહે.

卐 વડીલો વગેરે પ્રસન્ન ન થાય.

卐 આપણા તરફથી તેઓના વચનની થયેલી ઉપેક્ષા અનાદર જાણીને તેઓના મનમાં 'આને ઉપેક્ષા-અનાદરના પાપમાં ક્યાં પાડું ?' એવો ભાવ પેદા થવાથી પછી આપણને કહેવાનુ ટાળે. આપણી આંતરિક રક્ષા વગેરેની ચિંતા છોડી દે..

卐 તેથી આપણે મોટો દોષ નુકસાનમાં પડતા અટકી ન શકીએ.

卐 બીજાને પણ સહાયક બની ન શકીએ.

卐 ગુરુ વગેરે ઉત્તમ પુરુષોનો આપણને થયેલો યોગ સાર્થક ન બને.

卐 નમ્રતા ઘસાવા માંડે

卐 કષાય ભાવોની વૃદ્ધિ થાય.
卐 આપણી શક્તિઓ સારા ક્ષેત્રમાં ખર્ચાવાને બદલે નિષ્ફળ જાય કે ખોટે માર્ગે ખર્ચાય.
卐 ગતાનુગતિક જીવો આપણું દાક્ષિણ્યતા વગરનું ગમે તેને પણ ના પાડી દેવાનું તડફડ કરવાનું જીવન જોઈને તેવું જ શીખે. તેથી તેઓને અને બીજા અનેકને આધ્યાત્મિક નુકસાન થાય માટે જ્યાં સ્વ કે પરને વિશેષ નુકસાન કે લોકનિંદા, ધર્મ નિંદાની શક્યતા ન હોય તેવી બીજાની પ્રાર્થનાઓનો બને ત્યાં સુધી ભંગ ન કરવો. આમ કરવાથી તે અન્ય જીવ, બીજાઓને ધર્મમાં જોડવા માટે, આપણું રક્ષણ કરવા માટે, ધર્મમાં આવતા વિઘ્નોને દૂર કરવા માટે આપણને સારી સહાય કરે છે.

## ॥ નવમો ગુણ : લજ્જાપણું-લજ્જાળુતા ॥

જે કાર્યો જ્યાં જ્યારે જે રીતિ જે વ્યક્તિ માટે લોકવ્યવહારની અપેક્ષાએ કે લોકોત્તર દ્રષ્ટિ એ અકર્તવ્ય હોય તે કાર્ય ત્યાં, ત્યારે, તે રીતે કરવામાં તે વ્યક્તિને વડીલ-સ્નેહી-ઉપકારી-મિત્ર-વિશિષ્ટલોક વગેરેની શરમ નડે અને તેથી એ કાર્ય કરવાનું મન થઈ ગયું હોય, નિશ્ચય કરી દીધો હોય તો પણ તેનાથી અટકી જવાય તો એ શરમ નડવારૂપ જે ગુણ છે તે લજ્જાળુતા કહેવાય છે.

વડીલની હાજરીમાં વડીલ સાથે કે અન્ય સાથે મોટા અવાજે ન બોલવું, ગમે તેમ અવ્યવસ્થિત ન બેસવું, પગ પર પગ ચઢાવીને ન બેસવું, ઠઠ્ઠા મશ્કરી ન કરવા વગેરે પણ

લજ્જાનો વિષય બને છે.

આ ગુણ અવિધિથી થતી પ્રવૃત્તિને અયોગ્ય પ્રવૃત્તિને શરમના કારણે અટકાવે છે. આ ગુણ સદાચારમાં, લૌકિક મર્યાદામાં - ધર્મમાં પ્રવર્તવામાં કારણ બને છે. આ ગુણના કારણે જીવ-પાપ-અકાર્ય-વિષય અને કષાયના તીવ્ર આવેશ વગેરેમાંથી અટકે છે. લજ્જાળું હોવાના કારણે જીવ કાયમ સદાચારમાં પ્રવર્તે છે, જે જે કાર્ય-વ્રત વગેરે સ્વીકારે છે તે તેને સામાન્ય આપત્તિ કે પ્રતિકૂળતામાં મૂકી દેતો નથી.

<u>નિર્લજ્જ જીવ</u> :

- પાપમાંથી અટકી શકતો નથી, આચરે છે.
- પાપ આચરતા ક્ષોભ-શરમ અનુભવનારને એ ક્ષોભ-શરમ દૂર કરાવી પાપમાં ખેંચી જાય છે.
- પાપનો બચાવ કરે છે.
- કોઈની શરમ ન રાખે.
- સામા જવાબ આપે.
- ઉદ્ધતાઈ કરે.
- વડીલ પાસે પણ અક્કડ રહે.
- આપબડાઈ કરે.
- વાતને સ્વીકારતા કે ફેરવતા વાર ન લાગે.
- પોતાની કે બીજાના સ્થાનની મહત્તા ન સમજે અને તેથી એનું ગૌરવ ન જાળવે.
- બીજાની પરિસ્થિતિ ન વિચારે.

ધર્મકાર્ય-પુણ્યકાર્યમાં વડીલ-સ્નેહી વગેરે નિષેધ-અવરોધ કરે તો નિર્લજ્જ ન બનતાં સૌમ્ય - નમ્ર - વિનયી બની સમજાવટ - પ્રાર્થના વગેરેથી અવરોધ દૂર કરવા, આવે વખતે લજ્જાથી કાર્ય છોડી પણ ન દેવું કે ઉદ્ધતાઈથી વડિલાદિનો

વિરોધ પણ ન કરવો.

## ॥ દશમો ગુણ : દયાળુતા ॥

ધર્મનું મુખ્ય કારણ 'દયા' છે કેમ કે તેની રક્ષા માટે જ અન્ય વ્રતો છે તેથી ધર્મના સર્વ અનુષ્ઠાનોમાં પણ દયા સંકળાયેલી જ હોય છે તેથી ધર્મને યોગ્ય જીવો તરીકે દયાળુ જીવોની ગણતરી થાય છે.

દયાની વ્યાખ્યા, અક્રૂરતા ગુણના વિવેચન પ્રસંગે આવી ગઈ છે. દયાના સ્વભાવવાળા જીવને અન્યના દુ:ખો, દુ:ખના કારણો જોઈને હૃદયમાં કરુણા પ્રગટે છે, દુ:ખોની અરેરાટી આવે છે. તેથી એ દૂર કરવાની પોતાની તાકાત હોય તો સ્વયં દૂર કરે છે અને પોતાની તાકાત ન હોય પણ બીજા પાસે તે દૂર કરાવવાની તાકાત હોય તો તે બીજાને પ્રેરણા - પ્રોત્સાહન સમજાવટ કરીને તેની પાસે દુ:ખી જીવના દુ:ખો દૂર કરાવે છે.

આ ગુણવાળો જીવ બીજાને સ્વયં દુ:ખી કરતો નથી. અન્ય નિમિત્તે અન્યને દુ:ખી થયેલા જોઈ આપત્તિમાં ફસાયેલા જોઈ આનંદ પામતો નથી તેથી એનામાં નિર્દયતા ક્રૂરતા આવતી નથી. આ જીવને દયાના પરિણામના કારણે સ્વકાર્યોમાં જયણા પાળવાનું મન થાય છે અને તેથી જાતને અને બીજાને હિંસાદિ પાપોમાંથી બચાવે છે.

આ ગુણવાળો જીવ પોતાને દુ:ખ આવે તો પણ અન્યના દુ:ખનો વિચાર પહેલાં કરે છે. આઘાતજનક મશ્કરી, કઠોર વચન વગેરે પ્રવૃત્તિ કરતો નથી તેથી કિલષ્ટ કર્મ બાંધતો નથી. કોમળ પરિણામના કારણે પુણ્યકર્મ બાંધે છે. આ

ગુણના પ્રભાવે જીવ, આરોગ્ય, દીર્ઘાયુ સૌભાગ્ય રૂપ વગેરે સ્વરૂપ બાહ્યશક્તિ - સંપત્તિઓ પામે છે તેમજ બુદ્ધિ, વિવેક અન્ય પ્રત્યે સહાનુભૂતિ - પ્રસન્નતા વગેરે રૂપ આંતરગુણો પામે છે.

ભૌતિક કોઈપણ નબળા સ્થાનો દયાનો વિષય બને છે તેથી એ બધાની દયાના પરિણામના કારણે પોતે ભવાંતરમાં તેવા નબળા સ્થાનોને પામતો નથી. પરંતુ ભૌતિક ઉન્નતિના જે સ્થાનો પામે છે. તેમાં પણ ભોગની આસક્તિને, દુઃખના કારણ તરીકે જોતા તે આસક્ત બનતો નથી. આસક્ત થનાર બીજાઓને જોઈ ભાવદયા ચિંતવે છે.

<u>દયાના કારણે</u> :

- ઉદારતા આવે છે.
- અન્યને તન, મન, ધન અને વચનથી સહાયક બનવાનું થાય છે, જેનાથી જીવમાં ત્યાગ અને સહનશીલતાના ગુણો કેળવાય છે.
- વિશિષ્ટ દયાવાળા ત્યાગીઓ ઉપર આદર ભક્તિ આવે છે.
- હૃદય કુણું આર્દ્ર કોમળ બને છે. જે લોકોત્તર ધર્મના બીજ ફૂટવા માટેની યોગ્ય ભૂમિરૂપ છે.
- વચન અને વિચારો નમ્ર બને છે. હિંસાદિ પાપસ્થાનો અંગેની ભાવદયાના કારણે જીવ પાપસ્થાનોથી ડરતો રહે છે અટકે છે. બીજાને પાપથી અટકાવવા સમજાવે છે.
- આધ્યાત્મિક ઉન્નતિ પ્રાયોગ્ય કર્મોનો ક્ષયોપશમ થાય છે. તદનુકૂલ આરાધના કરવાની સામગ્રી-શક્તિ-ઉત્સાહ મળે છે અને તેથી વિશેષ આરાધના થાય છે.
- પ્રાપ્ત થયેલી ભૌતિક સામગ્રી શક્તિઓનો ત્યાગ પરાર્થે ઉપયોગ કરવાનું થાય છે. પોતાને માટે તેનો ઉપયોગ

કરવાની બહુધા જરૂર પડતી નથી. (તેવા પુણ્ય-ક્ષયોપશમાદિ પ્રગટ થયા હોવાથી) ક્યારેક જરૂર પડે તો પણ તે સામગ્રી - શક્તિનો ઉપયોગ ભોગ આશક્તિરૂપે ન થતાં આવશ્યક્તારૂપે થાય છે.

卐 ક્રમશ: આ ગુણમાં આગળ વધતાં, ઉચ્ચ વિશિષ્ટ ભોગ સામગ્રીઓનો પણ સાહજિક રીતે ત્યાગ કરવાનું સામર્થ્ય પ્રગટ થાય છે.

卐 જગતમાં સ્વપરની વિશિષ્ટ દ્રવ્ય-ભાવ-દયા કરવા કરાવવા સમર્થ બને છે.

卐 સર્વલોકને માન્ય અને પ્રિય બને છે.

આ ગુણથી વિપરીત કઠોરતાવાળા જીવો નિ:શુક, નિર્દય બને છે. બીજાના દુ:ખો જોઈ કોમળ બની તે દુ:ખ દૂર કરવાના બદલે કઠોર બની દુ:ખો વધારે છે અને તેથી પોતે પોતાના ભયંકર દુ:ખો ઊભા કરે છે.

આ કઠોરતા મોહનો પ્રકાર છે તેથી મહામોહના કારણે કઠોર જીવો મૂર્ખ - અજ્ઞાની - અવિવેકી બને છે. દયાપાત્ર એવા દુ:ખી જીવોને, તિરસ્કારપાત્ર તરીકે જોઈ વધુ તિરસ્કાર કરે છે. દુ:ખી કરે છે. પાપબુદ્ધિવાળો અને વિપરિત વૃત્તિઓવાળો બને છે અને તેથી નિરંતર પાપોમાં પ્રવર્તે છે. દુ:ખ અપ્રશાંતતા, વ્યાકૂલતા, ક્રોધ, માન વગેરે તીવ્ર કષાયો, દીનતા, કામુક્તા વગેરે દોષોનો ભોગ બને છે તેથી નિ:શૂક્તા એ જીવને, ધર્મ માટે અયોગ્ય બનાવે છે તેમજ ભવિષ્યકાલીન લૌકિક સુખ - પ્રશાંતતા, વિવેક - પ્રસન્નતા - માન - આબરૂ - આરોગ્ય વિગેરેને અયોગ્ય બનાવે છે. દયા જીવને, આ બધાને અને ધર્મને યોગ્ય બનાવે છે.

## ॥ અગ્યારમો ગુણ : માધ્યસ્થતા ॥

કોઈપણ દર્શનમાં પક્ષપાત વિનાની અને પ્રદ્વેષ ન હોવાના કારણે સૌમ્ય એવી દ્રષ્ટિવાળો જીવ (અર્થાત સર્વત્ર અરક્ત દ્રિષ્ટ જીવ) આ ગુણવાળો બને છે. એ યથાસ્થિત ધર્મવિચારને જાણે છે અને તેથી ગુણોનો સંગ્રહ કરે છે અને દોષોનો ત્યાગ કરે છે.

મધ્યસ્થ એટલે વચ્ચે રહેલો - અર્થાત રાગથી વસ્તુ સ્વરૂપને નહિ જોનાર જાણનાર કે દ્વેષથી વસ્તુ સ્વરૂપને નહિ જોનાર-જાણનાર. સામાન્યત: સંસારી જીવો દરેક વસ્તુ-પ્રવૃત્તિમાં રાગદ્વેષના કારણે અનુકૂળતા પ્રતિકૂળતા કલ્પે છે અને તેને અનુસરીને તે તે વસ્તુ પ્રવૃત્તિને મહત્તાગૌણતા આપે છે અને તેથી, તે તે વસ્તુ પારમાર્થિક રીતિ લાભ કરનારી છે ? એની શક્તિ શાનાથી વધે તેમ છે ? શાનાથી ઘટે તેમ છે ? એનાથી ક્યા ક્યા નુકશાનની શક્યાતા છે ? આ બધાનો વાસ્તવિક વિચાર કરી શક્તો નથી. માધ્યસ્થ હોય તો જ આ યથાસ્થિત વિચાર થાય છે.

માધ્યસ્થતા વગર કરાતો વિચાર ઉપર છલ્લો હોવાથી ભૌતિક સ્વાર્થજનક ચીજને, તેથી ઉપરના રાગના જોરે ઉપાદેય તરીકે દેખાડે છે. જે સ્વને આત્મિક અપાયરૂપ અને અન્યને પણ અપાયરૂપ હોઈ હેય હોવાના કારણે વાસ્તવિક દર્શનરૂપ બનતું નથી તેથી તે ભમણારૂપ પણ થાય છે અને આલોક-પરલોકની આપત્તિઓ પણ સર્જે છે. રાગાંધ વ્યક્તિ પોતાના રાગના વિષયભૂત ચીજમાં રહેલા દોષોને જોઈ શકતી નથી. નિર્ગુણ કે અલ્પ ગુણવાળી તે વસ્તુને ગુણવાન કે અધિક ગુણી સમજી તેના ભરોસે રહે છે જેથી પછી ઠગાય છે અને હેરાન

થાય છે.

દ્વેષાંધ પોતાના દ્વેષના વિષયભૂત ચીજ વ્યક્તિમાં રહેલ ગુણોને જોઇ જાણી શકતો નથી અને તેથી એના લાભથી વંચિત રહે છે. ગુણવાનને દોષયુક્ત તરીકે અને અલ્પ દોષવાનને અધિક દોષવાન તરીકે જુએ છે અને તેથી તેવી ચીજોમાં નુકશાનની કલ્પના કરીને તેમાંથી ડરતો ફરે છે. દૂર રહે છે તેને હેરાન કરે છે. આમ ગુણ-ગુણી પરના દ્વેષના કારણે યોગાવંચક સદ્‌ગુરુપણાનો આદર થતો નથી. મધ્યસ્થ માણસ સ્વપરના ગુણદોષોને જોઇ જાણી શકે છે અને તેથી તેના લાભમાં, ગુણમાં પ્રવર્તી શકે છે અને દોષ ગેરલાભમાંથી નિવૃત્ત થઇ શકે છે. બચી શકે છે.

<u>માધ્યસ્થતા દાખવવાથી</u> :

- કામરાગાંધતા, સ્નેહરાગાંધતા, દ્રષ્ટિરાગાંધતા, વ્યુદગ્રહ વગેરે દોષોથી મુક્ત બનાવાય છે.
- એનામાં પ્રજ્ઞાપનીયતા (સમજાવી શકાવાની યોગ્યતા) આવે છે. અર્થાત પોતે જેને નુકશાનકારી - ખોટી -અકર્તવ્ય તરીકે જુએ છે એવી બાબતને પણ કોઇ જ્ઞાની પુરુષ દાખલા દલીલથી લાભકારી - સાચી કર્તવ્યરૂપ સમજાવે તો પોતાની માન્યતા છોડીને તે બાબતને લાભકારી વગેરેરૂપે સમજવા - સ્વીકારવાને સદા તૈયાર રહેવાની તેનામાં યોગ્યતા આવે છે. આજ કારણે ક્વચિત ગુરુનિયોગાદિના કારણે ખોટી તત્ત્વ સમજણ થઇ ગઇ હોવા છતાં સર્વજ્ઞ ભગવંતપરની ભક્તિ, આંતરિક પ્રજ્ઞાપનીયતા અને મધ્યસ્થતાના કારણે એ સમ્યગ દર્શનના ગુણને અંતરઆત્માથી પામે છે - જાળવી રાખે છે.

મિથ્યાત્વ અને રાગદ્વેષની મંદતા થાય તો મધ્યસ્થ ગુણ આવે છે. તેમાં ભેગો જો જ્ઞાનાવરણનો ક્ષયોપશમ હોય તો સ્વયં તત્ત્વ–અતત્ત્વનો વિવેક કરી શકે છે. કદાચ તેવો વિશેષ ક્ષયોપશમ ન હોય તો પણ આ ગુણના કારણે ઉત્પન્ન થયેલ પુણ્ય તત્ત્વના યથાર્થ જાણકાર સદ્ગુરુનો પ્રાયઃ યોગ કરાવે છે તેથી તેમના પ્રભાવે તેમજ પોતાની યોગ્યતાના સહયોગથી યથાર્થ સમજણ મળે છે, સ્વીકારાય છે. આમ આ રીતે આ ગુણના યોગથી પુણ્ય દ્વારા યોગાવંચક આદિ ત્રણેને ક્રમશઃ પામે છે.

આ ગુણના પ્રભાવે મોહનીય કર્મનો સાનુબંધ ક્ષયોપશમ થાય છે. પ્રાપ્ત થયેલા અન્ય ગુણોને જો દ્રઢ માધ્યસ્થતાનો સહયોગ પ્રાપ્ત થયો હોય તો એ ગુણો અપ્રતિપાતિ પ્રાયઃ બને છે જો આ ગુણ દ્રઢ ન હોય તો વિપરીત નિમિત્ત સંયોગ પામીને થતા સંક્લેશના કારણે રાગની દ્વેષની–પ્રમાદની તીવ્રતા થવાથી માધ્યસ્થતા નાશ પામે છે. મધ્યસ્થ જીવ દરેક વિષય અંગે યોગ્યતા, યોગ્યતાના કારણો, યોગ્યતાનું સ્વરૂપ, યોગ્યતાના પ્રતિસ્પર્ધી, યોગ્યતાના નાશના કારણો, યોગ્યતાના પ્રતિસ્પર્ધિનું સ્વરૂપ વગેરેને સમજવા વિચારવાની યોગ્યતા ધરાવે છે. તૈયારી દાખવે છે તેથી મધ્યસ્થ જીવ પ્રાયઃ કોઈ ક્ષેત્રમાં વિશેષ વિનાશ પામતો નથી. સદા ભૌતિક - આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે આગળ વધે છે.

અમાધ્યસ્થ જીવના કોઈ ઠંગધડા હોતા નથી એ જ્યારે જેના પક્ષમાં બેસે ત્યારે તેનું ખેંચે જેની સામે બેઠો તેનું કાપે છે. આ જીવને ઘડીમાં ફરી જતા ક્ષોભ શરમ નડતા નથી. અયોગ્ય - નુકશાન કરનારી વાતની પકડ પકડાઈ ગઈ હોય તો સર્વનાશને નોંતરે છે. એ પકડ અન્યના મોટા નુકશાનને

જોવા છતાં આનંદ ઉપજાવે છે.

ગુણ-દોષની ચકાસણી કરવા માટે તેમજ બહુ ગુણકર પ્રવૃત્તિના નિર્ણય માટે મુખ્યતયા મધ્યસ્થ જીવન યોગ્ય છે. અપુનર્બંધકથી માંડીને સ્થવિર, કલ્પ સુધીની પ્રવૃત્તિઓ મોટા ભાગે ઓછાવત્તા પ્રમાણમાં ગુણ-દોષ (આય-વ્યય) યુક્ત હોય છે. તેમાંથી ક્યાં દ્રવ્ય ક્ષેત્રાદિમાં કઈ પ્રવૃત્તિ અલ્પદોષ કે (દોષભાવ) અને અલ્પગુણ કે ગુણાભાવવાળી છે એનો સમજી વિચારીને યથાર્થ નિર્ણય મધ્યસ્થ જીવ જ કરી શકે છે અને એ પછી યથાયોગ્ય પ્રવૃત્તિ- નિવૃત્તિ કરવાથી જીવની ઉત્તરોત્તર ઉન્નતિ થાય છે. આમ આ ગુણ ઉન્નતિના બીજભૂત બને છે માટે સર્વ ગુણોની વચમાં મૂકાય છે.

## ॥ બારમો ગુણ : ગુણરાગ ॥

ધાર્મિક લોકોમાં રહેલ ગુણોને જોઈને જે ખુશ થાય છે તે ગુણરાગી. આ જીવ ગુણવાન જીવોનું બહુમાન કરે છે. નિર્ગુણોની ઉપેક્ષા કરે છે, ગુણોનો સંચય કરવામાં પ્રવૃત્ત થાય છે, તેમજ પ્રાપ્ત થયેલા ગુણોને મલિન (સાતિચાર) કરતો નથી. ગુણોની ઉત્પત્તિ માટેનું આ મુખ્ય કારણ છે અને ગુણો એના ફળરૂપ છે આ ગુણ નીચેની રીતે ઉત્પન્ન થાય છે.

卐 ગુણો ગુણ તરીકે ઓળખાય તો દોષોની દોષ તરીકે સાચી ઓળખ થાય અથવા દોષો દોષ તરીકે ઓળખાય તો ગુણોની ગુણ તરીકે સાચી ઓળખ થાય. આ બન્ને નેગેટીવ પોઝેટીવ જેવા છે. એક

બીજાને પરસ્પરના અભાવથી ઓળખાવે છે જેમ કે અંધકાર ને પ્રકાશ.

卐 ગુણદોષની સાચી સમજ મેળવ્યા પછી 'આ આખું જગત મોટા ભાગે મોહ, અજ્ઞાન, રાગ, દ્વેષ-કામ-ક્રોધાદિ કષાયો - આ બધાના અનેક રૂપકો મોહાદિના કારણો મોહાદિના કાર્યો વગેરેમાં સતત પોતાના જીવનને, પોતાની તન-મન-ધનની શક્તિને ખર્ચ્યા કરે છે. જેના પરિણામે કાલ્પનિક સુખો અને વાસ્તવિક એકાંતે દુ:ખો પામે છે.' આવી દ્રષ્ટિ ખૂલે તો પછી જ્યાં અલ્પગુણ પણ દેખાય તો તે કાંકરાના ઢગલા તુલ્ય જગતમાં પડેલા રત્નતુલ્ય દેખાવા માંડે છે અને તેથી અનેક દોષો જેનામાં ભરેલા હોય તેવા જીવમાં રહેલ અલ્પગુણ પણ રત્નની જેમ ચમકતો દેખાવાથી દોષોરૂપી કાંકરાની ઉપેક્ષા કરીને ગુણની જ કિંમત આંકે છે અને તેથી એ ગુણ પર હૃદયથી રાગી બને છે, આનંદ અનુભવે છે.

卐 આથી અન્યના દોષોની ઉપેક્ષા-અપ્રધાનતા સાથે અન્યના ગુણોની પ્રધાનતા જન્મે છે.

卐 આના કારણે પોતાને ગુણીનો યોગ થાય તો આનંદ થાય છે તેની સેવા કરવાનું મન થાય છે.

卐 ગુણને પ્રાપ્ત કરવાની વિશેષ ઈચ્છા થાય છે, તેના ઉપાયોમાં પ્રવૃત્તિ થાય છે. આ બધાથી પુણ્યાનુબંધી પુણ્ય દ્વારા ક્રમશ: વિકાસ થતા પોતે ગુણી બને છે.

卐 કોઈ એક પણ ગુણનો રાગી આગળ જતા સર્વ ગુણોનો રાગી બને છે અને ક્રમશ: તે સર્વ ગુણોને પામતાં પામતાં યાવત સર્વજ્ઞપણારૂપ ફળ પામે છે.

卐 પોતાના સ્વાર્થના કારણે કે સામા જીવમાં રહેલા દોષના

કારણે એના પર દ્વેષ થવા દ્વારા જે અરુચિ પેદા થઈ હોય છે તે, તે જીવમાં રહેલા કોઈ ગુણ પરના પેદા થયેલા રાગના કારણે નાશ પામે છે જેનાથી તે જીવો પર પણ મૈત્ર્યાદિ પ્રવર્તે છે.

<u>જે જીવ ગુણરાગી ન હોય અને ગુણરાગી બને પણ નહિ તેને થતા દોષો</u> :

卐 ગુણીને વેદીયા તરીકે એ લેખે છે અને ગુણને દોષ તરીકે લેખવે છે તે આ પ્રમાણે.

卐 ત્યાગને ભોગવંચના તરીકે.

卐 અપ્રમાદને વ્યર્થ શ્રમ-મોહ-સ્વાર્થભંશ તરીકે.

卐 દાનને વ્યર્થ, અર્થવ્યય, ઉડાવપણા, ધૂમાડા તરીકે તેમજ અન્યને હાડકા હરામી પોષવાના દોષ તરીકે.

卐 તપને દેહશોષણ અશક્તિ - રોગના કારણ તરીકે.

卐 મર્યાદાઓને સંકુચિતવૃત્તિ તરીકે.

卐 ક્ષમાદિ શુભ ભાવોને કાયરતા, ડરપોકપણું, સ્વાર્થ-વિમુખતા, સત્વરહિતપણુંરૂપ જવાબ આપવાની અનાવડત વગેરે રૂપ લેખવે છે.

<u>એમ દોષોને ગુણો તરીકે લખેવે છે. જેમ કે</u>

卐 ભોગને સાત્વિકતા - મોટાઈ ગૌરવ તરીકે.

卐 પ્રમાદને આરામ આનંદ તરીકે.

卐 સાધનાદિના પરિગ્રહને હોંશિયારી - વડાઈ-સંપત્તિશાળીપણું પૂર્ણતા તરીકે, દેહ શણગારને દેહ-ઈન્દ્રિયોના પોષણ પ્રસન્નતા, ઉન્નતિ તરીકે

卐 ક્રૂરતાને શૂરવીરતા તરીકે.

卐 વાચાળતાને વક્તૃત્વ તરીકે.

卐 સ્વચ્છંદતાને સ્વતંત્રતા તરીકે

卐 નિર્વિચારિતાને સાહસિકતા તરીકે.

卐 કુળમદ વિગેરેને સ્વાભિમાન તરીકે.

卐 અન્ય પ્રત્યે તિરસ્કાર-કઠોરતા વગેરેને પરાક્રમ તરીકે લેખવે છે. અને તેથી આ બધા દોષોને ઉપાદેય તરીકે જુએ છે અને એ પ્રમાણે પ્રવર્તે છે.

તેથી વાસ્તવિક ગુણોની અયોગ્યતા ઉભી થાય છે અને પાપની રુચિપૂર્વક પ્રવૃત્તિ થવાથી તે પાપપ્રવૃત્તિ અશુભ અનુબંધવાળી થાય છે.

ગુણરાગ આવે અને નીચેની બાબતો સમજાય એટલે ગુણો માટે વધુ સાવધાની કાળજીવાળા બનાય છે તે બાબતો આ

卐 ગુણો દુર્લભ છે. 卐 ગુણી દુર્લભ છે.

卐 પોતે દોષબહુલ અનેક દોષના અભ્યાસવાળો હોઈ તેમજ વાતાવરણ દોષબહુલ હોઈ ગુણો સપ્રત્યપાય છે. (અર્થાત જેનાથી ગુણોનો નાશ થઈ જાય તેવા ઘણા ભયસ્થાનોથી યુક્ત હોય છે.)

卐 જેઓ ગુણોની પ્રેરણા, રક્ષા કરે તેવી વ્યક્તિ વસ્તુ અને નિમિત્તો અલ્પ હોય છે તેમજ

卐 ગુણનાશક વ્યક્તિ -વસ્તુ અને અન્ય નિમિત્તો જગતમાં અત્યંત સુલભ છે અને તેથી ગુણોની રક્ષા એ મહામુશ્કેલી ભરી વાત છે. દોષોથી અનંત દુર્ગતિ ભ્રમણ થાય છે. જ્યારે ગુણના અંશથી પણ સદ્‌ગતિથી પરંપરા સર્જાય છે સાચા અમૃતનો અંશ પણ મહાવિષનો નાશ કરે છે એને લેવા માત્રથી વિકારો ઘટવા માંડે છે. સ્વસ્થતા આવવા માંડે છે. એમ ગુણો અંગે જાણવું.

આ બધું જાણીને ગુણોને મેળવવા, ટકાવવા, વધારવા,

અપાયરહિત બનાવવા માટે નીચેની પ્રવૃત્તિ કરવી.

卐 ગુણોની ઓળખ 卐 ગુણોનો રાગ

卐 ગુણીની સેવા, આદર - બહુમાન - પ્રસંશા કરવી એમના દોષો ઢાંકવા.

卐 ગુણો મેળવવાની ઈચ્છા, તીવ્ર ઈચ્છા કરવી.

卐 ગુણના કારણભૂત આચારોમાં પ્રવૃત્તિ બહુમાન વધારવા

卐 ગુણના નાશક આચારાદિને ઓળખી એનાથી દૂર રહેવું. એની સાથે કામ પડે તો સાવધાની રાખવી. આ બધી શરતો ગુણરાગથી ક્રમશઃ પ્રાપ્ત થાય છે.

## ॥ તેરમો ગુણ : સત્કથી ॥

અશુભકથાઓની આસક્તિથી કલુષિત થયેલા ચિત્તવાળો જીવ વિવેક રત્નને ગુમાવે છે. જ્યારે ધર્મ, વિવેકની પ્રધાનતાવાળો છે તેથી ધર્માર્થી સત્કથી હોવો જોઈએ. અર્થાત સત્કથી જીવ ધર્મ માટે યોગ્ય હોય છે.

સત્કથીમાં સત એટલે એવી કથા - વાતો કરનાર કે જે પ્રથા સ્વ-પરને.

卐 આત્મિક લાભ કરનાર હોય.

卐 આત્મિક નુકશાન કરનાર ન હોય.

卐 કામ ક્રોધાદિમાં વિશેષ રીતે પ્રેરનાર ન હોય.

卐 આવેશયુક્ત કે અવિવેકી બનાવનાર ન હોય.

卐 નકામી ફઝુલ ન હોય.

સામાન્યથી જીવને જેમાં રસ હોય જે ગુણકર લાગતું હોય તેની એ પ્રશંસા કરે છે. બીજાને એ વસ્તુ બતાવે છે, આપે છે ભલામણ કરે છે. આ ચીજનો એને ક્ષોભ હોતો

નથી. તેમાં એને અકર્તવ્ય લાગતું નથી; એમ જેનો રસ ન હોય, ન ગમે, નુકશાનકારી લાગે તેની જીવ નિંદા કરે છે. નિષેધ કરે છે. અટકાવે છે. એ ચીજમાં અકર્તવ્યપણું લાગે છે. માટે સૌ પ્રથમ ઉભયલોકને અવિરુદ્ધ-પરલોકને અનુકૂલ ચીજોનો રસ પેદા કરવો જોઈએ. એની પ્રેરણા મળે એ માટે ભૂતકાલીન મહાપુરુષોના ચરિત્રો, વર્તમાનકાલીન મહાપુરુષોના ગુણો, ગુણોનું સ્વરૂપ, વર્જ્યદોષો, દોષોના નુકશાન, દોષોને ટાળવાની સાવધાની વગેરેને જણાવનાર વાતો પોતે વાંચવી જોઈએ. જાણવી જોઈએ. વિચારવી જોઈએ તેમજ બીજાને એ બધું જણાવવું, સમજાવવું જોઈએ.

શૃંગારકથા- ભોજનકથા - રાજકથા- શૌર્યકથા - મદકથા, હાસ્યકથા, વિનોદકથા વગેરે ન કરવી, ન સાંભળવી આ બધી અસત્કથાઓ છે.

<u>તેનાથી થતા નુકશાન</u> :

- 卐 જીવનો સમય પ્રમાદમાં જાય.
- 卐 અનાદિકાલીન અભ્યાસના કારણે એ ગમી જાય અને એની પ્રશંસા થાય તેથી તેમજ એ અસત્કથામાં જે પાપની વાત આવે તેની પ્રસંસા થવાથી બંધાયેલા પાપ તીવ્ર બને. સાનુબંધ બને.
- 卐 એમાં જે પાપનું વર્ણન હોય તે પાપ બીજાને પણ કરવાની બુદ્ધિ થાય.
- 卐 જીવની આંતરદ્રષ્ટિ આવરાય. મંદ થાય.
- 卐 પૌદગલિક દ્રષ્ટિ - પાપરુચિ તીવ્ર બને.
- 卐 બીજા જીવો પણ ફસાય કર્તવ્ય સમજે.
- 卐 રસથી પાપની વાતો કરતા થાય.
- 卐 ઘોર પાપબંધ કરે - કરાવે.

ધર્મને યોગ્ય જીવે સ્વયં જેમ સત્કથી બનવાનું છે તેમ અસત્કથી અસત્કથા કરે તો એને પુષ્ટિ ન આપવી એનાથી બને એટલા દૂર રહેવું.

<u>સત્કથાના લાભ</u> :

- ૠ સાવદ્ય-નિરવદ્યવચનની સાવધાની.
- ૠ પાપની અનુમોદના ન થઇ જાય તેની કાળજીના કારણે પાપના અનુબંધ તૂટે.
- ૠ પુણ્યના અનુબંધ પડે.
- ૠ અન્યને પાપબુદ્ધિ ન જાગે એની કાળજીથી પુણ્યબંધ થાય.
- ૠ આપણે આત્મગુણો અંગે સ્વાભાવિક જાગૃત રહીએ.
- ૠ આપણને જાગ્રત કરનાર બીજા મળે.
- ૠ પૂર્વ મહાપુરુષોએ કરેલા પરાક્રમોને બોલતા સાંભળતા આપણને પણ તેવા પરાક્રમો કરવાના મનોરથો જાગે છે. વીર્યોલ્લાસ પ્રવર્તે છે. એનાથી સાનુબંધ ક્ષયોપશમ અને સાનુબંધ શુભ કર્મબંધ થાય છે.
- ૠ સજ્જનતા - ધર્મ - પરોપકાર - પ્રશાંતતા - સહનશીલતા - ઉદારતા- ગંભીરતા વગેરે ગુણો કેળવવાની દ્રષ્ટિ ખીલે છે. આ બધાની પ્રશંસા દ્વારા દ્રષ્ટિ નિર્મળ બને છે. લોકો ઉત્તમ તરીકે ઓળખે છે. આ બધા આલોકના લાભો કહ્યા છે.
- ૠ સ્વ પરને પાપબંધમાં નિમિત્ત ન બનવાથી પરલોકમાં નિર્મળ સામગ્રી અને આરાધના પ્રાપ્ત થાય છે.

<u>સત્કથામાં પણ મુખ્યતયા આ વાતો વર્જવી</u> :

卐 આત્મપ્રશંસા

卐 પૌદ્ગલિક વિષયાદિની પ્રશંસા.

卐 અન્યના પાપની પ્રશંસા.

卐 પરનિંદા

卐 અન્યની ખોડખાંપણ-અશુભ વર્ણાદિની નિંદા.

卐 માત્ર ભૌતિક શક્તિઓનું વર્ણન.

卐 અન્યના દોષોનું પ્રકટીકરણ

卐 બીજાને અપશબ્દથી તિરસ્કાર કરવા.

卐 વિશિષ્ટ ગીતાર્થતા, ધર્મપરિણતિ વગેરેથી શૂન્ય જીવોએ પાપમિત્ર અકલ્યાણમિત્ર સાથે વધુ વાચિક વ્યવહાર ટાળવો, ધર્મમાં અસ્થિર-અપરિણત અસાવધ જીવો, સંસાર રસિક જીવો સાથે વાતોચીતોનો વધુ વ્યવહાર રાખે તો એ અસત્કથાનું કારણ છે. માટે અગીતાર્થોએ પરસ્પર કે ગૃહસ્થો સાથે વિશેષ વાતો ન કરવી.

## ॥ ચૌદમો ગુણ : સુપક્ષયુક્તત્વ ॥

પક્ષ એટલે પરિવાર. જેનો પરિવાર અનુકૂલ - ધર્મમાં વિઘ્ન ન કરનાર હોય ધર્મશીલ ધાર્મિક હોય તેમજ સદાચારવાળો હોય તે વ્યક્તિ સુપક્ષયુક્ત કહેવાય છે એ નિર્વિઘ્નપણે ધર્મ કરવા માટે સમર્થ બને છે.

અથવા જેણે પોતાના વડીલ તરીકે માન્ય વ્યક્તિ તરીકે સારા બળવાન ધાર્મિક - સદાચારી - વિવેકી - જ્ઞાનસંપન્ન - લોકમાન્ય - અર્થસંપન્ન વ્યક્તિને માથે રાખેલ હોય તે સુપક્ષયુક્ત કહેવાય છે. આવી વ્યક્તિને માથે રાખવાથી

તેઓનો સપોર્ટ મળે છે, સહાય મળે છે. તેઓ આપણને સારા યોગ્ય માણસ તરીકે ગણે છે, પોતાના સ્વજનની જેમ આપણા પર વિશ્વાસ રાખે છે. આ બધાના કારણે આપણને તેઓની બળ, જ્ઞાન અર્થ વગેરે રૂપ શક્તિઓનો લાભ મળે છે. તે શક્તિઓના પ્રભાવે આપણું લોકમાં રક્ષણ થાય છે, લોકો પીખી ખાતા અટકે છે, તેમજ આપણા પોતાના પણ આબરૂ, બળ, વિવેક, વિચારશીલતા, જ્ઞાનાદિ, લોકમાન્યતા, લોક પૂજ્યતા વિગેરે વધે છે.

એમ જ્યારે કે જ્યાં વ્યક્તિ પોતે જ મુખ્ય તરીકે હોય - વિશેષ સામર્થ્ય ધરાવતી હોય ત્યારે કે ત્યાં પણ પોતાના પરિવાર તરીકે (આશ્રિત તરીકે કે હાથ નીચેની વ્યક્તિઓ તરીકે) જેઓ રહેલા હોય તેમાં અનેક પ્રકારના જીવો હોય એમાં બધાને અગત્યની વાતો જણાવવાની હોતી નથી. એક ક્વચિત પોતે નિર્ણય ન કરી શકે એવી બાબતમાં અન્યની સલાહ ઉપસ્થિત થાય તો બધાની સલાહ લેવાની હોતી નથી. તેથી એવી વ્યક્તિને પરિવારમાં પણ પ્રધાન બનાવવી આગળ કરવી કે જેને આવી વાતો કરવાથી કે જેની સલાહ લેવાથી પરિવારના બીજા સભ્યોમાં અને પરિવારની બહારના માણસોમાં આપણી આબરૂ વગેરેને ધક્કો ન લાગે. આ ગુણ પ્રધાન બનાવવા યોગ્ય વ્યક્તિ પણ, ઉપર કહેલા બળસત્ત્વ - સદાચાર વગેરે ગુણોથી યુક્ત હોય તો સુપક્ષ રૂપ બને છે.

આ રીતે સુપક્ષને વડીલ તરીકે રાખવાથી (સુપક્ષથી પરિગૃહીત રહેવાથી) તેમજ સુપક્ષને પરિવારમાં રાખવાથી પોતાનું રક્ષણ થાય છે. ગુણોની અને ધર્મની યોગ્યતા આવે છે. બીજાને ધર્મમાં સહાયક બની શકાય છે. અધર્મી જીવો

અંકુશમાં રહે છે. ડરતા રહે છે. કનડગત કરતા નથી. આપણા માન - આબરૂ - બળ - વિવેક સ્વયં ઓછા હોય કે ન હોય તો પણ સુપક્ષયુક્તતાના કારણે આવે છે. જેમ કે પુત્રથી પિતાનો પ્રભાવ વધે છે. માટે સુપક્ષથી પરિગૃહીત કે સુપક્ષનો પરિગ્રહ કરનારા રહેવું એ જ રીતે પાડોશી મિત્ર સ્નેહ સંબંધી વિગેરે તરીકે સુપક્ષને રાખવા જેઓ જ્ઞાન- બળાદિરૂપ ઉપરોક્ત ગુણોથી વિકલ છે તેઓ સુપક્ષ નથી. વિપરીત છે તેઓ સાથે પાડોશીપણું - મિત્રતા વિગેરે કરવા નહિ, હોય તો ઘટાડવા, અપ્રધાન બનાવવા. સ્વજનાદિમાં પણ જેઓ સુપક્ષરૂપ હોય તેની જોડે વિશેષ વ્યવહાર, દયપ્રેમ વાત્સલ્ય, ભક્તિ ઔચિત્યાદિ રાખવા, ઔચિત્યાદિથી વશ કરવા અને જે સંસાર રસિક હોય - અસત વલણવાળા હોય, અસતપક્ષરૂપ હોય તેની સાથે વ્યવહાર ઘટાડવો, પ્રેમ-વાત્સલ્ય ભક્તિ બહુમાનાદિ વિશેષ ન બતાવવા, મંદ કરવા.

આવું ન કરતાં આપણે જો સુપક્ષ વિનાના બનીએ - ખરાબ વ્યક્તિના હાથ નીચે હોઈએ તો તેના તરફથી તેવા દબાણ વિગેરેના કારણે જેનાથી માન - આબરૂ - વિવેક- ધર્મ, સદાચાર ઘવાય તેવા વિપરીત કાર્યો પણ કરવા પડે તેમજ અન્ય લોકો તરફથી અનેક પ્રતિકૂળતાઓ આવે એમ પરિવારમાં રહેલી અન્ય જે વ્યક્તિને તેની બુદ્ધિ કે અન્ય કાર્યશક્તિના કારણે પરિવારમાં સલાહકાર- સહાયકાદિરૂપે પ્રધાન તરીકે સ્થાપેલી હોય તે પણ જો સુપક્ષરૂપ ન હોય તો જતે દિવસે એ ડગલે ને પગલે આપણને ધર્મમાં વિઘ્નકારક બને છે અને તેથી આધ્યાત્મિક ઉન્નતિ રૂંધાઇ જાય છે. વળી પરિવારમાં એ બળવાન બન્યા પછી એને ખસેડી

શકાય નહિ અને તેથી એ આપણને અને. અન્યને વધુ હેરાન કરે. અનેકને ધર્મમાં અંતરાય અને અશાંતિકારક બને. એમ સ્નેહી - પાડોશી - મિત્ર વગેરે અસતપક્ષરૂપ હોય તો પણ આવી બધી હેરાનગતિઓ સમજવી. માટે ધર્માચાર્ય, ધર્મમિત્ર ધર્મ આશ્રિત-ધર્મી વેપારી વગેરે રૂપ સુપક્ષ જેટલા બળવાન એટલા આપણે અને આપણો ધર્મ સુરક્ષિત બને.

## ॥ ગુણ પંદરમો : સુદીર્ઘદર્શી ॥

કોઈપણ ચીજને - પ્રસંગને પરિણામે અત્યંત દીર્ઘકાળ માટે હિતકર - અહિતકર તરીકે યથાર્થ રીતે જોનાર વ્યક્તિ તે સુદીર્ઘદર્શી. આ ગુણવાળો જીવ તે તે જીવોની આલોક પરલોક વિ. અનેક ક્રિયાઓ દીર્ઘકાળની કઈ કઈ અવસ્થામાં ક્યા ક્યા કારણોથી લાભકર્તા છે કે નુકશાનકર્તા છે તેને યથાર્થ જોઈ, જાણી શકે છે. આ પરિણામિકી બુદ્ધિનો પ્રકાર છે. આનાથી વસ્તુના, હિત અહિતરૂપ કાર્ય સાથે કાર્ય કારણ ભાવોને જાણે છે અને તેથી અહિત - પાપ - અધર્મના કારણોમાં પ્રવર્તતો નથી.

<u>આ ગુણના પ્રભાવે</u> :

卐 જુગાર, અનીતિ, ચોરી વિગેરે રૂપ દેખીતા લાભના કારણોને પરિણામે નુકશાનના કારણ તરીકે જોઈને વર્તે છે.

卐 એમ મદિરાપાન વગેરેરૂપ દેખીતા સુખકારણોને પરિણામે દુઃખ કારણ કરીકે જોઇ છોડે છે.

卐 ગીતાર્થ ગુરુ-વડીલાદિની ઉપરવટ જઈને થતા તપ વગેરે અનુષ્ઠાનો કે જે ઉપલક દ્રષ્ટિએ ધર્મના કારણ તરીકે

દેખાય છે. તેને અધર્મના કારણ તરીકે દેખાય છે. તેને અધર્મના કારણ તરીકે જાણે છે

卐 દુર્જનથી પ્રેરાઈને કરેલા કાર્યમાં ઉપરછલ્લી દ્રષ્ટિએ માનની કારણતા દેખાતી હોવા છતાં અપમાનના કારણ તરીકે લેખે છે.

卐 અકાલે ભણવું, ભક્તિ વિનયાદિનો સમય બચાવી વધુ ભણવું અનધિકાર સૂત્રાદિ ભણવા વગેરે રૂપ જ્ઞાનના કારણ તરીકે બાહ્ય દ્રષ્ટિએ દેખાતી ચેષ્ટાઓને પરિણામે અજ્ઞાન-મૂર્ખાઈના કારણ તરીકે જુએ છે.

卐 પાચન ન થતા હોય એવા પોષક તત્ત્વો કે જેઓ ટૂંકી દ્રષ્ટિવાળાને આરોગ્ય સ્ફૂર્તિના કારણો તરીકે દેખાય છે તેને રોગ સુસ્તીના કારણ તરીકે જુએ છે.

આ બધાના કારણે આત્મિક આધ્યાત્મિક, ભૌતિક, સામાજિક, રાષ્ટ્રીય લાભના કારણોને યથાર્થ રીતે નિશ્ચયરૂપે દીર્ઘદ્રષ્ટિથી જાણી શકે છે. ભાવપૂર્વકના અને ભાવ વગરના આચારોને પારખી શકે છે. ભાવના પોષક-વર્ધક કારણોને તેમજ બાધક-નાશક કારણોને જાણી શકે છે અને તેથી અપાયોમાંથી પહેલેથી બચે છે તેમજ ઉપાયોમાં પ્રવર્તે છે.

આપત્તિઓમાં ધૈર્યપૂર્વક યથાર્થ વિચારણા કરી તાત્કાલિક ઉચિત માર્ગનો નિર્ણય કરી શકે છે. બીજાઓને આપત્તિઓમાંથી પહેલેથી જ બચાવે છે. આવી પડેલી આપત્તિઓમાં યોગ્ય માર્ગ ચીંધી શકે છે. લાભના ઉપાયો બતાવે છે. એમાં જોડે છે. આમ સાક્ષાત કે પરંપરાએ સહાયક બને છે.

આ ગુણ ન હોય તો ઉપલકીયા દ્રષ્ટિ આવે છે. જેના કારણે ગુણ-ગુણાભાસ, અસલી નકલી વગેરેને જાણી શકતો

નથી. બીજાની ખોટી શરમમાં તણાય છે અને પાપ - દોષ - અધર્મમાં પ્રવર્તે છે. ધર્મમાં સીદાય છે એના કારણે પોતાના આશ્રિતો પણ સહજ રીતે ઊંધે માર્ગે જાય છે.

(સંસારી જીવો મોટા ભાગે ઉપલકિયા દ્રષ્ટિવાળા કે તાત્કાલિક (વધુમાં વધુ આ ભવ પૂરતી) દીર્ઘદ્રષ્ટિવાળા હોય છે અને તેથી મોહ-માયા - મમતામાં પ્રવર્ત્યા કરે છે. અન્યને પ્રવર્ત્તાવ્યા કરે છે એમાં ધર્મનો અવસર જતો રહે છે. શક્તિઓ પાપમાં ખર્ચાઈ રહી છે એ ખ્યાલમાં આવતું નથી. આશ્રિતાદિ પાપમાં ખેંચાતા હોય તો પણ સ્નેહાદિના કારણે 'એનું ખોટું લાગશે તો' આથી કડકાઈ શી રીતે કરાય? ઈત્યાદિને આગળ કરીને રોકતા નથી જેના કારણે જતે દિવસે તે પુત્રાદિ આશ્રિતો નાસ્તિક પ્રાયઃ બની જાય છે અને પિતા વિગેરેને તેમજ પોતાની જાતને પણ આલોકમાં હેરાનગતિમાં મૂકે છે તેમજ પરલોકની સાધનાથી સાવ વંચિત બની સ્વપરનો પરલોક બગાડે છે.)

<u>સુદીર્ઘદર્શીપણું ન આવવાના કારણો</u> :

લોભીયા હોય ત્યાં ધુતારા ફાવે. એ ન્યાયે, ધન, માન, સ્નેહ, આરોગ્ય, ઐશ્વર્ય વિગેરેના અતિશય લોભ, મોહ ખેંચાણને અનુભવનારા જીવોને ફસાવવા ધૂતારાઓ નીકળી પડે છે. આ ખેંચાણના કારણે જીવશાંતિથી વિચાર કરી શક્તો નથી અને તેથી તે તેના સાચા કારણોની જાણકારી ન હોવા છતા જે જે ચીજ તે તેના કારણો તરીકે દેખાય છે તે તેના અંધવિશ્વાસથી પ્રવર્તવા માંડે છે. નિયમ એ છે કે કારણ જેવું દ્રઢ બળવાન, ચોક્કસ અને મજબુત હોય તેમ કાર્ય સંગીન બને છે. કારણ જો બનાવટી તો કાર્ય પણ બનાવટી. કારણ જો વિપરીત તો કાર્ય પણ વિપરીત.

કારણના દ્રઢત્વ ચોકસાઇ આદિનો સચોટ બોધ અત્યંત દીર્ઘદર્શીને જ હોય છે. આં ન હોય તેથી જીવ બળવાન (પણ તાત્કાલિક ફળ ન દેખાડનાર અને તેથી અનાકર્ષક) કારણને છોડીને નિર્બળ બનાવટી કારણ (પણ તાત્કાલિક કાર્યાભાસ દેખાડનાર અને તેથી મુગ્ધજીવોને આકર્ષક) ને પકડે અને પરિણામે ફસાય છે. જેમ લાકડું હોવા છતાં મેલું હોય દેખાયમાં બરાબર ન હોય અને તેથી સુથાર એને છોલીને સડેલું પોચું, સાધેલું એવું નંબળુ પણ દેખાવમાં સુંદર એવું લાકડું લઈ ચીજ બનાવે તો ક્યાં તો વસ્તુ બને નહિ, બને તો ભાંગી જાય, ભાંગે નહિ તો લાંબુ ટકે નહિ. અથવા જેમ વાચાળપણું હોવા છતાં બીજાને સમજાવવાની આવડત ન હોય, સમજાવવા યોગ્ય વસ્તુના મૂળભૂત ગુણોને પરખવાની ક્ષમતા ન હોય તો માત્ર મોટી મોટી વાતો કરનાર, સ્વપ્રશંસા કરનાર વ્યક્તિ સામાને તે વસ્તુ સમજાવે ? અને તેમ છતાં તેની મોટી મોટી વાતોથી આકર્ષાઇ કોઈ અદીર્ઘદર્શી વ્યવસ્થાપક અને જ સમજાવનાર તરીકે ગોઠવે તો? આવું બધું કરવામાં કાર્ય બગડે છે.

માટે સર્વત્ર અંતિમ મુખ્ય ફળ કયું ? એ અનુભવથી જોવું. આવું ન કરનારો ધર્મમાં - વ્યવહારમાં કે સંસારમાં સ્વસ્થ રહી શકતો નથી.

આજ કારણે આ ગુણના બળે વસ્તુપાલે મસ્જીદ બંધાવી. શ્રી હેમચંદ્રસૂરિ મહારાજે મહાદેવની સ્તવના કરી. ચંપા શ્રાવિકાએ જાત બડાઈ ન કરતાં દેવગુરુના ગુણ ગાયા. શ્રી હીરસૂરિમહારાજે વાહનાદિનો ઉપયોગ કરી દિલ્હી જલ્દી પહોંચવાનું ટાળી વિહારાદિ કરતાં કરતાં જ દિલ્હી ગયા. આના પરથી એ ફલિત થાય છે કે મહાપુરુષો જેઓ

તાત્કાલિક લાભ નુકશાનને જુએ છે તેવા બુદ્ધિશાળીને મહત્તા આપતા નથી કિન્તુ જેઓ મર્યાદાને પાળે-પળાવે છે. તેને મહત્તા આપે છે. આ ગુણવાળો જીવ દરેક પરિણામે સુંદર, અલ્પ વ્યયે ઘણો લાભ કરાવી આપનાર અને બહુજન લોકને શ્લાઘનીય એવા જ કાર્યને કરે છે.

## ।। સોળમો ગુણ વિશેષજ્ઞતા ।।

સચેતન અચેતન દ્રવ્યોના કે ધર્મ અધર્મના હેતુભૂત દ્રવ્યાદિના ગુણદોષોને જે પક્ષપાત વિના જાણી શકે તે વિશેષજ્ઞ કહેવાય તેથી પ્રાયઃ વિશેષજ્ઞ જ ઉત્તમ ધર્મને યોગ્ય બને છે.

તે તે દ્રવ્યાદિમાં કે આચારાદિમાં જુદા જુદા દ્રવ્ય ક્ષેત્રકાલાદિને આશ્રીને ઉભી થતી ધર્મહિતુતા અધર્મહિતુતા, ગુણકારિતા, દોષકારિતા, પ્રશંસનીયતા, અપ્રશંસનીયતા વિગેરે વિશેષતાઓને આ ગુણવાળો જીવ પક્ષપાત રહિતપણે યથાર્થરીતે જાણી શકે છે. એમ ક્યાં ક્વૉલિટી (વસ્તુની જાતિ)ની આવશ્યક્તા છે એ વિશેષતાઓ પણ જાણતો હોય છે. સર્વત્ર ક્વૉલિટી જોઈએ એવો નિયમ નથી હોતો બે મીટર કપડાની જરૂર હોય ત્યાં બે મીટર કાપડની કિંમત કરતાં યે વધુ કિંમતનું અડધો મીટર કાપડ કામ ન લાગે. જ્યાં બંનેની આવશ્યક્તા હોય ત્યાં બન્ને જોઈએ. મોક્ષ માટે દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે જોઈએ એ ક્વોન્ટીટીની મહત્તા અને ત્રણે સમ્યગ જોઈએ એ ક્વોલિટીની મહત્તા થઈ આ રીતે દરેક અંશમાં જાણવું. આ ત્રણેમાં પ્રત્યેકમાં બાહ્ય દ્રષ્ટિએ ક્વૉન્ટીટીની પ્રધાનતા અને ક્વૉલીટીની ગૌણતા

છે આંતરિક દ્રષ્ટિએ ક્વૉલીટીની પ્રધાનતા અને ક્વૉન્ટીટીની ગૌણતા છે છતાં બન્નેને બંનેની અપેક્ષા છે માટે વ્યવહારમાં ધર્મની ક્વૉન્ટીટી સાથે અંતરમાં ક્વૉલીટી સુધારતા રહેવું. વિશેષનો જાણકાર ઉત્તમ દ્રવ્યોનો પરચુરણ કાર્યોમાં ઉપયોગ ન કરે.

જે કરે તે ઉડાઉ-બેદરકાર કહેવાય. પરચુરણ નાના કાર્યો કે જે બીજાથી થઈ શકે તેવા હોય તે ઉત્તમ વિશિષ્ટ વ્યક્તિને ન સોંપાય (પછી ભલેને એ કાર્ય કરનાર સામાન્ય વ્યક્તિ ગેરહાજર પણ હોય) મુનિમની પાસે દુકાનનું ઝાડું ન કઢાવાય કઈ વ્યક્તિ કેટલી હદે આદરપાત્ર છે. માન સન્માનપાત્ર છે. કઈ વસ્તુ ક્યારે વપરાય ? ક્યાં વપરાય ? તે પણ વિશેષજ્ઞ સારી રીતે જાણે છે એમ ગુણોની જુદી જુદી ભૂમિકાઓ એ મુજબ વર્તી ઉપર ઉપરના વિશેષ ગુણો પામી શકે છે.

જેમ ધર્મદેશના માટે પર્ષદાને બાળ મધ્યમ અને પંડિત એમ ત્રણ રૂપે જોઈ તે તે પર્ષદા માટેનો ઉપદેશ જુદો જુદો હોય છે. તેમ દરેક ગુણ દોષ આદિ અંગે જીવોના ત્રણ ભેદ પાડી તે તેની ભૂમિકાને ઉચિત માર્ગદર્શન વિશેષજ્ઞ આપી શકે છે. તુચ્છ સામાન્ય વસ્તુ ઉત્તમને ન અપાય. ઉત્તમ વસ્તુ સામાન્ય વ્યક્તિને ન અપાય. ક્યો ગુણ ક્યા જાળવવો. ક્યાં બાહ્ય દ્રષ્ટિએ ગૌણ કરવો. ક્યા દાન દેવું. ક્યાં ન દેવું ? ક્યાં ભણવું ? શું ભણવું ? ન ભણાવવું. ક્યો ક્યો આચાર મુખ્ય કરવો ? ક્યો ગૌણ કરવો ? નમ્રતા-સરળતા - દાક્ષિણ્ય વગેરે ક્યાં રાખવા ? અને ક્યાં ન રાખવા ? આ બધી બાબતોને વિશેષજ્ઞ બરાબર જાણે છે. વિશેષજ્ઞને ખોળ અને ગોળ બન્નેની કિંમત તુલ્ય ન હોય કે વ્યવહાર તુલ્ય ન હોય. વિશેષનો જાણકાર ન હોય તે મહત્ત્વને ગૌણ કરે, ગૌણને મુખ્ય

કરે, આર્થિક શારિરીક કૌટુમ્બિક, સામાજિક શક્તિ જોયાવગર ભાવના ઊછાળા માત્રથી કાર્ય શરૂ કરી દે અને તેથી મોટે ભાગે લાભને બદલે નુકશાન થાય. માટે સર્વત્ર વિશેષ તફાવત જાણવો અને તદનુસાર વર્તવું આચાર્ય દેશ કાલાદિના જાણકાર હોય એવું જે કહ્યું છે તે આ ગુણ માટે જાણવું.

## ॥ સત્તરમો ગુણ : વૃદ્ધાનુગ ॥

વયથી - જ્ઞાનથી અને પર્યાયથી પરિણત હોય તે વૃદ્ધ. તેઓને અનુસરનારો હોય તે વૃદ્ધારાગ. અનુ એટલે પાછળ અને 'ગ' એટલે નજાર-ચાલનાર અર્થાત ઉક્ત વૃદ્ધના કહ્યા મુજબ ચાલનાર. પૂછીને કાર્ય કરનાર, દરેક કાર્ય વૃદ્ધને જણાવનાર. વૃદ્ધ અનુભવીને અનુસરવાથી તેઓના અનુભવનો લાભ આપણને મળે છે. અર્થાત તેઓના અનુભવના બળે આપણને દરેક કાર્યમાં લાભ-નુકશાન પહેલેથી જાણવા મળવાથી નુકસાનથી બચાય છે. એમને અનુસરવાના કારણે આપણી પણ અનુભવદ્રષ્ટિ વધે છે. ઉપાયોનું સચોટ જ્ઞાન થાય છે એમને અનુસરવાના કારણે આપણે પણ લોકમાન્ય બનીએ છીએ. આપણા આચારોમાં નક્કરતા સ્થિરતા આવે છે. જ્ઞાન પરિભાવિત બને છે. ઉછાળાવૃત્તિ અને જુવાન લોહી પર નિયંત્રણ આવવાથી ઉન્માર્ગે જતાં અટકાય છે, અકાર્યથી બચાય છે. ધર્મ અને ધર્મી અવગણવાથી બચાય છે. વૃત્તિમાં શાંતતા - વિચારકતા પરિણામની દ્રષ્ટિ ભળે છે. પરંપરાથી આવેલ કુશળતા - અવસરજ્ઞતા - સંપ્રદાયજ્ઞતા - વિપુલ જ્ઞાન

વગેરે અનેક ગુણો વૃદ્ધોની નજર નીચે કાર્ય કરવાથી અનુભવથી આવે છે.

આમાં જે વય, જ્ઞાન અને પર્યાય એ ત્રણેથી સંપન્ન હોય, પરિણત હોય તેવા વૃદ્ધ, વૃદ્ધ તરીકે સૌ પ્રથમ માન્ય છે. આમાં પર્યાય એટલે તે તે વિશિષ્ટ ગુણોને આચારોને પામ્યાનો કાળ. તાત્પર્ય એ છે કે

卐 જેઓનું જ્ઞાન અત્યંત પરિભાવિત છે વિપુલ છે અને પરંપરાથી પ્રાપ્ત થયેલું છે. તેમજ.

卐 જેઓ સદાચાર અને મર્યાદા પાલનમાં ચુસ્ત છે સ્વપ્રયોજ્ય તે સદાચાર પાલનનો કાળ જેઓને દીર્ઘ છે તેમજ

卐 જેઓ વયના પરિણામથી પણ પીઢ, સ્થિર, વિચારક અને પરિકર્મિત બુદ્ધિવાળા છે. તેવા વૃદ્ધ જો મળતા હોય તો સૌ પ્રથમ તેમને અનુસરનારા બનવું. આવા વૃદ્ધ કદાચ ન મળે તો બીજા નંબરે જ્ઞાન અને પર્યાય એ બે થી સંપન્ન વૃદ્ધને અનુસરનારા બનવું. તે પણ ન મળે તો ત્રીજા નંબરે માત્ર જ્ઞાનથી પરિણત એવા વૃદ્ધને અનુસરનારા બનવું.

આમાં અનુસરવું અટલે આપણા કાર્યોમાં એમની સલાહ લેવી. સલાહ મુજબ કાર્યો કરવા. એમની ઈચ્છા મુજબ વર્તવું. એ માટે એમને સેવા-આદર-બહુમાનથી પ્રસન્ન કરવા અને એમની પાસેથી વ્યવહારનું આચારનું ધર્મનું અનુભવનું જ્ઞાન મેળવવું.

આ બધુ મેળવતા રહેવાથી કાલાંતરે આપણે પણ જ્ઞાનવૃદ્ધાદિ બનીએ છીએ. આપણે વૃદ્ધને અનુસરીએ છીએ તેવું બીજા જુએ જાણે તેથી તે દેખીને તેઓને જાગેલા તેવા

શુભાશય મનોરથથી અને આપણે જેને અનુસર્યા તેનાથી બંધાયેલ પુણ્યથી બીજાઓ આપણને અનુસરનારા બને છે અને એવે વખતે તેઓને શી રીતે માર્ગ દેખાડવો, પ્રસંગે શું કહેવું કેવી રીતે કહેવું વગેરેનો પણ વૃદ્ધો પાસેથી અનુભવ મળે છે.

આ ગુણને ધર્મની યોગ્યતામાં એટલા માટે લીધો છે કે ધર્મી વૃદ્ધ પુરુષોની આમન્યા જળવાતી હોય તો સંપ્રદાયની આમન્યા રહે. આની જાળવણી માટે જ 'ખમાસમણાણં હત્થેણં'ની મર્યાદા છે. આ ગુણ ન હોવાના કારણે જગતના મોટા ભાગના જીવો ફાવે તેટલું ગમે તેટલું મનમાં બેસે એટલું માને છે. બાકીનામાં વિરોધ કરે છે. સમજવા પ્રયત્ન કરતા નથી. આવા પુરુષોના વચનથી પણ સ્વીકારતા નથી. વળી દરેક જીવોની પોતપોતાની યોગ્યતા પરિસ્થિતિઓ પણ જુદી જુદી હોવાના કારણે આવી માન્યતાઓ જુદી જુદી પડી જાય છે તેથી જો ધર્મની યોગ્યતા ધરાવનાર જીવોમાં પણ આ ગુણ ન હોય તો ધર્મ બોડી બામણીના ખેતર જેવો બની જાય. દરેક જણ પોતપોતાની ઈચ્છા મુજબ અમુ અમુક વસ્તુઓ - આચારો - સિદ્ધાંતો સ્વીકારી અન્યને ઉડાવતા રહે અને તેથી ધર્મની કોઈ વ્યવસ્થા રહે નહિ વેર વિખેર થઈ જાય, માટે ધર્મ માટે શ્રદ્ધા માટે આ ગુણ મહત્ત્વનો છે. વ્યવહારમાં પણ આ ગુણ ન હોય તો આશ્રિતો ઉદ્ધત પાકે છે.

<u>આ ગુણ વિનાના જીવો</u> : વડીલોનું કહ્યું સાંભળતા, વિચારતા, સ્વીકારતા કે આચારતા નથી. વડીલોનો ઉપકાર માનતા નથી. વડીલોના નામે ધર્મ કરતા નથી. બીજું ઠગ જેવી વ્યક્તિઓ પ્રલોભનો, કુતર્ક, વ્યામોહ આદિના કારણે,

ઊંધા માર્ગે ચડે છે. એના ઉપાયો બતાવનાર, એનાથી વારણ કોઈ રહેતું નથી. એમ સન્માર્ગના ઉપાયો બતાવનાર એમાં પ્રવર્તાવનાર કોઈ રહેતું નથી. માટે દેવોમાં પણ ઈન્દ્રોની ઉપર ગુરુ સ્થાનિક મહત્તર દેવો હોય છે. અને ઈન્દ્રાણીઓની ઉપર મહત્તરા દેવીઓ હોય છે. એમ માનવોમાં પણ રાજાની ઉપર કુલવૃદ્ધાઓ વગેરે હોય છે. આમ વૃદ્ધ પુરુષોને અનુસરવું એ લોક-લોકોત્તર સર્વ શિષ્ટોનો માર્ગ છે.

<u>આમાં અપવાદ</u> : જ્યારે આજે અતિવિશિષ્ટ જ્ઞાનવૃદ્ધાદિ વ્યક્તિ આપણને જે સમજાવે તેને આપણે અત્યારસુધી વૃદ્ધ તરીકે સ્વીકારેલ વ્યક્તિ સમજાવી ન શકે પોતે સમજુ હોવા છતા સ્વકારતી ન હોય તો તે લૌકિક વૃદ્ધને અનુસરવું નહિ, પણ વિશિષ્ટ કક્ષાના વૃદ્ધ એવા તે ધર્માચાર્યાદિને અનુસરવું.

## ।। અઢારમો ગુણ : વિનીતત્વ વિનય ।।

દેવ, ગુરુ, ધર્મ, ક્રિયા, સાધર્મિક, ધર્મસ્થાન, વડીલ, મહેમાન, કૌટુંબિકો, સમાજના, વેપારના વ્યવહારના સ્વજનો વગેરે સાથે વિનયથી નમ્રતાથી વર્તવું તે વિજય ગુણ. વિજય અનેક પ્રકારના આચરણરૂપ છે, એમાં નમ્રતા એક અંશ છે તે આચરણ આવું - <u>પૂજ્યો પ્રત્યે</u> : બહુમાન, ભક્તિ, પ્રશંસા, ગુણોની સ્તુતી અવગુણોને ઢાંકવા, આશાતના વર્જવી વગેરે રૂપ.

<u>સમાન પ્રત્યે</u> : આવકાર, ઉચિત વાર્તાલાપ, ઉપબૃંહણા, સ્થિરકરણ, પ્રોત્સાહન, પ્રશંસા, આદર, અનાદર, અસભ્યતા, ઈર્ષ્યાનો ત્યાગ અવગુણ ઢાંકવા વગેરે રૂપ.

<u>નાના પ્રત્યે</u> : રહેમનજર, ઉચિત વાર્તાલાપ, શારીરિક

માનસિક શાતાની પૃચ્છા, ઉપબૃંહણા વિનાભાવની પૃચ્છા, કાર્ય કરી આપવું, નિંદા તિરસ્કાર ન કરવા, સારણા વારણા કરવી, અવગુણ ઢાંકવા વગેરે રૂપ.

ઠપકો મળે, આવશે આવે, પ્રતિકૂળતાઓ આવે, સ્વાર્થ ઘવાતો દેખાય, અપમાન થાય, મૂઢતા આવે ઈત્યાદિ કારણોએ પણ સુવિનીત હોય તે ઉદ્ધતાઇ કરતો નથી.

<u>ખાસ ખ્યાલમાં રાખવું</u> : શ્રાવકોએ ગૃહસ્થો સંબંધી પણ ૯ જણાનો ઔચિત્ય વિનય જાળવવાનો હોય છે એ શ્રાદ્ધવિધિમાં દેખાડેલ છે. તે પણ આ બાબતમાં સમજી લેવો ખાસ મહત્ત્વનો છે.

<u>વિજયગુણના લાભ</u> : પરસ્પર સ્નેહ વધે છે. કહ્યા વગર પણ કાર્યમાં સહાયતા મળે છે. વિરોધ થતો નથી. ઐક્યતા થાય છે. સંપત્તિ, ચિત્તશાંતિ, લોકમાં ગૌરવ, માન એકબીજાને અકાર્યથી વારણ સદાચારમાં સ્થિરતા - સ્વપરની ધર્મ આરાધનાની યોગ્યતા, પુણ્યબંધ, દેવગુરૂની પ્રાપ્તિ આરાધના કરવાની પૂર્વ ભૂમિકા રૂપ પૂર્વ સેવા (યોગનો બીજરૂપ) સદ્ગતિની પરંપરા વગેરે પ્રાપ્ત થાય છે.

<u>અવિનયથી થતા નુકશાન</u> : ઉદ્ધતાઈથી, સ્વચ્છંદતા, કલહ, પરસ્પર કાર્ય વિરોધ એનાથી ઘોર અંતરાય, કોઈ કોઈને અકાર્યમાંથી અટકાવી ન શકે, સદાચારમાં અસ્થિરતા, ધર્મ આરાધનાની અયોગ્યતા, પાપ અને પાપાનુબંધોનો બંધ, મહામોહ, પરસ્પર સ્નેહની હાનિ, ગુપ્ત વાતો લોકે જ થાય, ચિત્તની અશાંતિ, લોકમાં બેઆબરૂ, અપમાન, નિંદ્યતા, દેવ ગુરુ, ધર્મની પ્રાપ્તિ ન થાય. તેવા અંતરાય દેવ - ગુરુ - ધર્મની અનારાધના - વિરાધના - યોગની ભૂમિકાની અયોગ્યતા તિર્યંચગતિનો બંધ, દુર્ગતિની પરંપરા

વિગેરે.

વિનય એ સમ્યગ જ્ઞાન-દર્શન ચારિત્ર્યનું મૂળ છે, જે સમ્યગ જ્ઞાનાદિ મોક્ષનું મૂળ છે. તેથી ધર્મ માટે વિનિત જીવ યોગ્ય, પ્રશસ્ત મનાયો છે.

## ।। ઓગણીસમો ગુણ : કૃતજ્ઞતા ।।

પોતાના પર અન્યે કરેલ ઉપકારને જાણનાર અને કાયમ યાદ રાખનાર જીવ કૃતજ્ઞ છે ઉપકાર અને ઉપકારની મહત્તાની જાણકારી હોવાથી એણે ઉપકારી પર બહુમાન - આદર - ભક્તિ ઉછળ્યા કરે છે. જેના કારણે સેવા - સહાય કરવાનું થાય છે તેમજ પોતે પણ પોતાની પાસે જે શક્તિ સંપત્તિ હોય તેનાથી તન - મન - ધનથી અન્યને વિશેષ આપત્તિ આદિ અવસરે ઉપકાર કરવાની કચાશ રાખતો નથી. બીજાએ પોતાના પર કરેલ ગુપ્ત ઉપકારના કારણે પોતાને જ્ઞાન પ્રાપ્તિ, બુદ્ધિ પ્રાપ્તિ, ધનપ્રાપ્તિ, આરાગ્ય પ્રાપ્તિ, ધર્મ પ્રાપ્તિ, માનરક્ષણ, ધનરક્ષણ, સ્વ-પરના પ્રાણોનું રક્ષણ, કુટુંબીનું રક્ષણ, નિશ્ચિતતા, આરોગ્ય, ધર્મનું રક્ષણ વિગેરે લાભો મેળવે છે. પોતે પાછો ઊંચો આવે છે અને પછી અન્યને પણ આ રીતે ઉપકાર દ્વારા ઊંચા લાવે છે. અનેકનો રક્ષક બને છે.

ઉપકારની જે મહત્તા ન જાણે તે, મોહાન્ધ, સ્વાર્થાન્ધ, અવિવેકી બનવાના કારણે ઉપકારીનો અપલાપ કરનાર, ન ઓળખનાર અવસરે એમનો સામનો કરનાર વિરોધ કરનાર બને છે તેથી અંતરાયો પેદા કરે છે. જેના કારણે તે જે વ્યક્તિ એ જે બાબતનો ઉપકાર કર્યો હોય તે બાબતમાં કર્મોદયના

કારણે તે વ્યક્તિ કદાચ હાનિ પામી હોય ત્યારે પણ તે બાબતનો પણ ઉપકાર-સહાય કરી શકતો નથી, અન્યને પણ અત્યંત આપત્તિમાં પણ જે ઉપકાર કરી શકાય તેવો ઉપકાર પણ ન કરવાથી પોતાની તે તે શક્તિ હીન થવા માંડે છે, નાશ પામે છે અને તેથી પરિણામે પછી પોતે પણ હીન પરિસ્થિતિના કારણે ઉપકાર કરવા યોગ્ય રહેતો નથી તેમજ શક્તિના કાળમાં પોતે ઉપકાર કર્યો ન હોવાથી એવા અંતરાયો ઊભા થયા હોય છે કે જેના કારણે પોતાની આપત્તિ વખતે ઉપકાર કરનારા અનેક હોય જેના દ્વારા અનેક પર ઉપકાર થતા હોય છતાં પોતે જ ઉપકારમાંથી બાકાત રહે છે.

<u>ઉપકારને સમજનાર અને ઉપકારીને તેમજ બીજાને ઉપકાર કરનારને થતા લાભ</u> : પોતાના અંતરાયો ક્ષીણ થવાથી વિવેક અને કાર્યશક્તિ પ્રબળ થવાના કારણે :

卐 પોતાને ઉપકારની જરૂર પડે તેવી પરિસ્થિતિ ક્યારેય પણ પ્રાયઃ ઉભી થતી નથી.

卐 કદાચ નિકાચિત વગેરે કર્મના કારણે ઉભી થાય તો પણ ઉપકાર કરનારાઓ સાહજિક રીતે સામેથી મળે છે.

卐 એવા સંસ્કાર અને ક્ષયોપશમ પેદા થાય છે કે જેના કારણે ભવોભવ બીજા પર ઉપકાર કર્યા કરાય છે. એક શક્તિના આ રીતે સદુપયોગના કારણે અન્ય અનેક શક્તિઓની પાત્રતાઓ અને પરિણામે અનેક શક્તિઓ સ્વતઃ સિદ્ધ થાય છે. આ કૃતજ્ઞતાના કારણે જ જિનનામ કર્મ, ગણધર નામકર્મ વગેરે અદ્વિતીય પુણ્યો પણ સર્જાય છે, બાકીના પુણ્યોની તો વાત જ શી કરવી ?

જે પોતાના તેવા પુણ્ય અને ક્ષયોપશમના કારણે બીજાના ઉપકારને ઝીલવાની પરિસ્થિતિ ઊભી ન થઈ હોય ઈત્યાદિ કારણે બીજા તરફથી ઉપકાર ન પામ્યો હોવા છતાં, આપત્તિમાં રહેલા અન્ય જીવોની પરિસ્થિતિ સમજતો હોય છે. તે તે અવસ્થામાં કરાતા ઉપકારની મહત્તા સમજે છે અને તેથી બીજાને જે, તે તે ક્ષેત્રમાં ઉપકાર કરવા સદા તૈયાર હોય છે તે પણ કૃતજ્ઞતાગુણ યુક્ત છે.

આ કૃતજ્ઞતા ગુણયુક્ત જીવ પરમાર્થની પ્રધાનતાવાળી બુદ્ધિથી આ મારા પરમોપકારી છે' એ પ્રમાણે વિચારીને ધર્મ ગુરુ પર અત્યંત બહુમાનવાળો બને છે અને તેથી ગુણોની વૃદ્ધિ થાય છે માટે ધર્મયોગ્ય જીવોમાં કૃતજ્ઞની ગણતરી છે.

## ॥ વીસમો ગુણ : પરહિતાર્થકારી ॥

ધર્મના યથાર્થ તત્ત્વને સમ્યગ જાણનારો જે જીવ અન્યનું હિત કરવામાં નિરત હોય છે તે ધન્ય છે. નિસ્પૃહ ચિત્તવાળો અને મહાસત્ત્વશાળી એવો તે અન્ય જીવોને પણ માર્ગમાં સ્થાપે છે.

આમાં અર્થકારી = સ્વ કે પરના કાર્ય કરનાર...

પરહિતાર્થકારી = અન્યના આલોક સંબંધી - પરલોક સંબંધી કે ઉભય લોક સંબંધી હિતકાર્ય કરનાર...

સામાન્યતઃ : 卐 સંસારી જીવો પોતાના સ્વાર્થ કાર્ય કરનારા હોય છે.

卐 પોતાનો સ્વાર્થ સધાતો હોય તો અન્યના ઈહલૌકિક હિત કે અહિત કાર્ય કરે છે.

卐 મોહના કારણે પોતાના ઈહલૌકિક અહિત કાર્યો

પણ કરે છે.

卐 સ્વાર્થ અને મોહના કારણે પોતાના અને બીજાના પારલૌકિક અહિતકાર્યો કરે છે.

卐 પોતાના પ્રબળ સ્વાર્થ અન પ્રબળ મોહ (મૂઢતા) ના કારણે સ્વ-પરના ઉભયલોકના અહિતકાર્યો કરે છે.

<u>ધર્મને યોગ્ય જીવો</u> :

卐 પોતાના પરલોક અહિત કાર્ય કરતા નથી.
卐 પોતાના ઉભયલોકના અહિત કાર્ય કરતા નથી.
卐 અન્યના પરલોક અહિત કાર્ય કરતા નથી.
卐 અન્યના આલોક અહિત કાર્ય કરતા નથી.
卐 અન્યના ઉભયલોક અહિત કાર્ય કરતા નથી.
卐 સ્વ-પર બન્નેના આલોકના અહિત કાર્ય ન કરે.
卐 સ્વ-પર બન્નેના પરલોકના અહિત કાર્ય ન કરે.
卐 સ્વ-પર બન્નેના ઉભયલોકના અહિત કાર્ય ન કરે.
卐 પોતાના પરલોકના અવિરુદ્ધ એવા આલોકના હિતકાર્ય કરે.
卐 જઘન્ય પ્રથમ કક્ષામાં આલોક અવિરુદ્ધ પણ પરલોકના હિત કાર્ય કરે.
卐 પોતાના ઉભયલોકના હિતકાર્ય કરે.
卐 પરના માત્ર આલોકના હિતરૂપ કાર્યો કરે, ઔચિત્ય વિભાગથી કરે.
卐 પરના પરલોકને અવિરુદ્ધ આલોકના હિતકાર્યો કરે.
卐 આલોકને અવિરુદ્ધ પરલોકના હિતકાર્યો કરે
卐 ઉભયલોકને અવિરુદ્ધ હિતકાર્યો કરે.

આમાં આ લોકના અહિત કાર્યો - અતિ આહાર, અતિ આરામ, અતિશ્રમ, અદેશકાળચર્યા, ઉપદ્રવવાળા સ્થાનમાં

રહેવું, સ્વચ્છંદતા, ઉચ્છૃંખલતા, ગુપ્તવાતોને જાહેર કરવી, ઉડાઉપણું, વડીલોથી જુદા રહેવું, અયોગ્ય માર્ગે ધનોપાર્જન, અંતરંગ ષડઅરિ વર્ગને અયોગ્ય રીતે પોષવા, બહેકાવવા, સાત વ્યસન વગેરે.

<u>પરલોકના અહિત કાર્યો</u> : હિંસા વિગેરે પાપસ્થાનોનું પ્રાચુર્ય, કર્માદાનના ધંધા, નિંદ્યકાર્યો, ધર્મી - ધર્મ - ધર્મગુરુઓની અવહેલના - નિંદા - અવર્ણવાદ, પાપમાં આનંદ, અતિશય પાપની પ્રેરણા, પ્રોત્સાહન, સહાય, વ્રતભંગ કરવો બ્રહ્મચર્યની હીલના વગેરે.

<u>ઉભય લોકના અહિત કાર્યો</u> : અનિયંત્રિત વૃત્તિ, ધર્મ વિરુદ્ધ અને લોક વિરુદ્ધ માર્ગે ચાલવું, સજ્જનોની નિંદા, સજ્જનોને પણ હેરાન કરવા - ત્રાસ આપવો, અતિમોહ, અતિક્રોધ, અતિમાન, અતિ પક્કડ, અતિશૌર્ય (બાહ્ય) અતિઈર્ષ્યા, અતિ મદ, અતિભય, અતિહર્ષ, અવિવેક પ્રધાનતા, અતિક્રમ...

જે કાર્યથી જીવ આલોકમાં સ્વસ્થ રહે, ઔચિત્ય જાળવે - શીખે, અર્થ વ્યવહાર આદિમાં કુશળ બને, સદાચારી બને, માન-આબરૂ પામે, ઉદાર બને ગંભીર બને, વિચારક બને, શાંતિ સ્થાપનારો બને, સાચી સલાહ આપનારો બને, વિનય નમ્રતા પામે - જમાડે એ કાર્ય આલોકના સ્વહિતકાર કાર્યો કહેવાય.

આવા કાર્યમાં અન્યને જોડે-પ્રેરે, અન્યના આવા કાર્યોનો વિચાર કરે, કાર્યો કરી આપે તે પરને આલોક હિતકારી જીવ કહેવાય. દયા - દાન- ઈન્દ્રિયદમન - ગુરુપુજન - દેવવંદન - પૂજન-સાધર્મિક ભક્તિ વ્રત પચ્ચકખાણ - કષાયોની મંદતા - વિષયોની મંદતા, પ્રશાંતતા - સહનશીલતા વિગેરે

કેળવવા એ સ્વના પરલોક હિતકર કાર્યો કહેવાય.

અન્યને આ બધું કરાવવું આત્મપ્રધાન દ્રષ્ટિવાળા બનાવવા તે પરને પરલોક હિત કાર્ય કરેવાય. આ લોકની બધી આવડતવાળો થાય સાથે પરલોકની સાધનામાં પણ જોડાય તો ઉભયલોક હિતકર કાર્યો કરનારો બને. આર રીતે અન્યને જોડવા તૈયાર કરવા એ પરને ઉભયલોક હિતકર કાર્ય કહેવાય. ધર્મયોગ્ય જીવનો અન્ય જીંડેનો વ્યવહાર અહિતકારી ન હોય, હિતકારી હોય ટૂંકમાં એ અન્યના હિતકર કાર્યો માટે પણ સદા તત્પર હોય.

## ।। એકવીશમો ગુણ : લબ્ધ લક્ષ્ય ।।

જેની પ્રવૃત્તિ સાધ્ય વિહીન ન હોય, જેની પ્રવૃત્તિ સાધ્યને પ્રતિકૂળ ન હોય, જેની અનેક સાધ્યોવાળી પ્રવૃત્તિ મુખ્ય સાધ્યને બાધક ન હોય, સાધ્ય જેને ઉપસ્થિત હોય અને સાધનમાં પ્રવર્તે તે જીવ લબ્ધલક્ષ્ય કહેવાય છે. લબ્ધ-મેળવેલા જેવું. લક્ષ્ય - સાધ્ય.

<u>જીવના સંભવિત સાધ્યો</u> : મોક્ષ, સદ્‌ગતિ, સદ્‌ગુણો, આત્મિક શાંતિ, માન, આબરૂ, અર્થ, સંપત્તિ, આરોગ્ય સ્વરક્ષા, સ્વજનરક્ષા વિગેરે.

આવા સાધ્યો માટે જીવની પ્રવૃત્તિ હોય છે તે પ્રવૃત્તિ જો સાધ્યને પ્રતિકૂળ હોય તો સાધ્યની સિદ્ધિ ના થાય. એમ જો પ્રવૃત્તિનું લક્ષ્ય ન હોય તો સિદ્ધિમાં વિક્ષેપ-વિલંબ થાય છે. કદાચ સાધ્યાંતર થઈ જાય કે સાધ્યને વિરુદ્ધ પણ પ્રવૃત્તિ થવા માંડે, માટે લક્ષ્યનો નિર્ણય આવશ્યક છે.

પ્રવૃત્તિમાં સૌ પ્રથમ પ્રણિધાન છે. પ્રણિધાન એટલે સાધ્યના દ્રઢ નિશ્ચયપૂર્વક સાધનોના જ્ઞાન સાથે તેમાં પ્રવૃત્તિ. પ્રતિબંધકના જ્ઞાનપૂર્વક તેમાંથી નિવૃત્તિ. આ બધા જ કારણે આ ગુણવાળી વ્યક્તિ સ્વીકારેલ ધર્મને નિરતિચાર રીતે આરાધી શકે છે. અધવચ્ચે છોડે નહિ કંટાળે નહિ, બીજા ખેંચાણોમાં ફસાય નહિ. ઉપાયોમાં-કારણોમાં આદર બહુમાનપૂર્વક સત્ત્વ પોરવી પ્રવર્તે તેથી તે તે કાર્ય શીઘ્ર સિદ્ધ થાય. આત્મા પ્રમાદી - બેદરકાર - બાધક પ્રવૃત્તિવાળો - દોષકારક પ્રવૃત્તિવાળો, ગૌણ કાર્ય ને મુખ્ય કરનારો, અકલ્યાણ મિત્રની સોબત સંગતવાળો બનતો નથી.

<u>લબ્ધલક્ષ્યપણું ન હોય તો</u> : ગતાનુગતિક પ્રવૃત્તિ હોય, કર્તવ્ય - અકર્તવ્યનો ભેદ ન હોય, કાર્ય થાય - ન થાય બધું સરખું લાગે, માટે જે જે કાર્યના લક્ષ્યની ચોક્કસાઈ વગરનો હોય તે તેને બહુધા પાર ન પમાડે.

આ રીતિ અસ્તોવ્યસ્ત અધુરા કાર્યવાળો થાય કાર્ય વગરનો પણ રહે. માથે કોઈ ભાર જ ન હોય. ધન વગરનો માણસ જેમ લોકમાં દરિદ્રી ક્હેવાય છે તેમ આપણા ઉદ્યમના વિષયમાં આળસ, બેદરકારી વિગેરેના કારણે દરિદ્રી જ ક્હેવાય છે. આવાને મહત્ત્વનું જોખમી કાર્ય ન સોંપાય એના પર ભરોસો ન રખાય.

તેથી ધર્મ આરાધના કરનાર બધા કાર્યમાં વ્યવસ્થિત અને લક્ષ્ય નક્કી કરનાર હોય, સંસારી આત્માનું લક્ષ્ય ભૌતિક હોય. ધર્મને યોગ્ય જીવનું લક્ષ્ય ગુણો અને ગુણના કારણરૂપ હોય. પોતાનો આ ગુણ સર્વક્ષેત્રે પ્રણિધાન રૂપ છે એથી તે તે દરેક કાર્ય અંગેની યોગ્યતા અને સામર્થ્ય પ્રબળ બને છે.

જ્ઞાનાવરણ કર્મ મંદ થયું હોવાના કારણે લબ્ધલક્ષ્ય જીવ

વંદનાદિ સકળ ધર્માનુષ્ઠાનને સહેલાઈથી જાણી શકે છે તેથી જ એ અનુષ્ઠાનોને કરવામાં દક્ષ હોય છે અર્થાત વિના વિલંબે શીઘ્ર કરી શકનારો હોય છે. સુખે કરીને શીખવી શકાય તેવો હોય છે અને અલ્પકાળમાં જલ્દીથી સુશિક્ષિત (શિક્ષણને પાર પામી જનારો) હોય છે.

Breeze

G 48 - 718
A Nandadeep ( India ) Product